RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 186* Date: 04.05.2021 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## દેશમાં કોરોના દર્દીઓની સંખ્યા ૧ કરોડ ૯૯ લાખ ૧૯ હજાર ૭૧૫ પર પહોંચી ગઈ

# કોરોના કેસોમાં સતત બીજા દિવસે ઘટાડો ૩.૬૮ લાખ નવા કેસ અને ૩૪૧૭ મોત



### સૌથી વધુ મૃત્યુવાળા દેશોમાં ભારત મેક્સિકોને પાછળ છોડી ત્રીજા સ્થાને પહોંચી ગયું, અહીં અત્યાર સુધીમાં ૨ લાખ ૧૮ હજાર ૯૪૫ લોકોનાં મોત થયાં

*ન્યુ દિલ્હી,તા.૩*

દેશમાં કોરોના દર્દીઓની સંખ્યા ૧ કરોડ ૯૯ લાખ ૧૯ હજાર ૭૧૫ પર પહોંચી ગઈ છે. મતલબ કે આજે આ આંકડો ૨ કરોડને પાર થઈ જશે. ભારત એવો બીજો દેશ હશે જ્યાં ૨ કરોડથી વધુ લોકો સંક્રમણની ઝપેટમાં આવી ચૂક્યા હશે. અમેરિકામાં સૌથી વધુ ૩.૩૮ કરોડ લોકોને સંક્રમણ લાગી ચૂક્યું છે.

છેલ્લા બે દિવસથી નવા દર્દીઓની સંખ્યા ઘટી રહી છે. રવિવારે દેશમાં ૩ લાખ ૬૯ હજાર ૧૪૭ દર્દીઓ નોંધાયા છે. ૩ લાખ ૭૩૨ લોકો સાજા થયા. શુક્રવારે દેશમાં રેકોર્ડ ૪ લાખ ૨ હજાર ૧૪ લોકો પોઝિટિવ મળી આવ્યા હતા. જે શનિવારે ઘટીને ૩ લાખ ૯૨ હજાર ૪૫૯ થયા હતા.

સૌથી વધુ મૃત્યુવાળા દેશોમાં ભારત મેક્સિકોને પાછળ છોડી ત્રીજા સ્થાને પહોંચી ગયું છે. અહીં અત્યાર સુધીમાં ૨ લાખ ૧૮ હજાર ૯૪૫ લોકોનાં મોત થયાં છે. આ મુદ્દે અમેરિકા પ્રથમ નંબર પર છે. અહીં ૫.૯૨ લાખ અને બ્રાઝિલમાં ૪.૦૭ લાખ લોકોનાં મોત થયાં છે. ચોથા નંબર પર પહોંચેલા મેક્સિકોમાં અત્યાર સુધીમાં ૨.૧૭ લાખ લોકોનાં મૃત્યુ નોંધાયા છે.

શનિવારના પહેલીવાર કોરોના સંક્રમિતોની સંખ્યા ગત દિવસની સરખામણીએ ઓછી હતી. દેશમાં શનિવારના ૩ લાખ ૯૨ હજાર ૪૮૮ કેસ સામે આવ્યા. આ સંખ્યા એના આગલા દિવસથી ૯૫૦૦ ઓછી હતી. એક મહિનામાં આવું પહેલીવાર થયું. દેશમાં શનિવારના ૩ લાખ ૯૨ હજાર ૪૮૮ કેસ સામે આવ્યા. શુક્રવારના દેશભરમાં કોરોનાના ૪ લાખ ૧ હજાર ૯૩૩ કેસ સામે આવ્યા.

સોમવારના દિવસને છોડીને આવું પહેલીવાર હતુ જયારે કોરોનાના દર્દીઓની સંખ્યા ગત દિવસોથી ઓછી હતી. એપ્રિલના મહિનામાં તમામ દિવસોમાં કોરોનાની સંખ્યા વધી હતી, સોમવારને છોડીને. સોમવારને છોડીને એ કારણે કહી શકાય, કેમકે રવિવારના કારણે તે દિવસે ટેસ્ટિંગ ઓછું થાય છે. એપ્રિલની શરૂઆતથી જોઈએ તો એક લાખથી ઓછા કેસ આવવાથી દેશમાં આની શરૂઆત થઈ જે ચાર લાખ સુધી પહોંચી. મહારાષ્ટ્રના મામલે પણ આવું જોવા મળ્યું. છેલ્લા ૧૦ દિવસમાં મહારાષ્ટ્રમાં પોઝિટિવ કેસોની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે. એપ્રિલ ૨૨ના કોરોનાના સૌથી વધારે કેસ મહારાષ્ટ્રમાં સામે આવ્યા હતા, ત્યારે સંખ્યા ૭૦ હજારની આસપાસ હતી. સતત ૨૦ દિવસ સુધી એપ્રિલ મહિનામાં કોરોના દર્દીઓની સંખ્યા ૬૦ હજારની પાર રહી.

છેલ્લા ૪ દિવસથી આમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. દિલ્હીમાં પણ આવો જ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. સતત ૨ અઠવાડિયા સુધી દિલ્હીમાં કોરોના કેસ ૨૦ હજારની પાર રહ્યા. જો કે એક્ટિવ કેસ ૧ લાખથી ઓછા જ રહ્યા, એ પણ ત્યારે જયારે સતત ૧૦ દિવસ સુધી ૨૦ હજારથી વધારે દર્દી સામે આવી રહ્યા હતા. આ આંકડાને લઈને પણ લોકોમાં ઉત્સુક્તા છે. આ સંખ્યા ઉપર નથી જઈ રહી તેને જોઈને થોડીક રાહત છે. મહારાષ્ટ્રમાં જે પ્રકારન નંબર ઘટ્યા છે અને આશા કરવામાં આવી રહી છે કે દિલ્હીમાં પણ કેટલાક દિવસમાં સંખ્યામાં વધારે ઘટાડો આવવાની આશા છે. મહારાષ્ટ્રમાં કેસોમાં ઘટાડાને જોતા બાકી રાજયોમાં આવો ઘટાડો આવશે તેવી આશા કરવામાં આવી રહી છે. જયારે કેસો ઓછા આવશે ત્યારે એક્ટિવ કેસની સંખ્યામાં થોડો ઘટાડો આવશે.

## લોકડાઉન પર વિચાર કરે કેન્દ્ર સરકાર -સુપ્રીમ કૉર્ટનો નિર્દેશ

*ન્યુ દિલ્હી,તા.૩*

દેશમાં કોરોના વાયરસની બીજી લહેરને કાબૂમાં કરવા માટે સુપ્રીમ કૉર્ટે કેન્દ્ર અને રાજય સરકારોને લોકડાઉન પર વિચાર કરવા માટે કહ્યું છે. સુપ્રીમ કૉર્ટે સરકારોને કહ્યું છે કે તેઓ લોકહિતમાં બીજી લહેરના વાયરસ પર અંકુશ લગાવવા માટે લોકડાઉન લગાવવા પર વિચાર કરી શકે છે. સુપ્રીમ કૉર્ટે એ પણ કહ્યું કે, લોકડાઉન લગાવવાથી પહેલા સરકાર એ પણ ખાતરી કરે કે આનો સામાજિક અને આર્થિક પ્રભાવ ઓછો પડે.

કૉર્ટ પ્રમાણે જે લોકો પર લોકડાઉનની અસર પડી શકે છે, તેમના માટે ખાસ વ્યવસ્થા કરે. કોરોના વાયરસની બીજી લહેરમાં સ્થિતિને ગંભીર થતા જોઈને સુપ્રીમ કૉર્ટે ખુદ જ મામલાને ધ્યાને લેતા કહ્યું છે કે જો કોઈ દર્દી પાસે કોઈ રાજય/કેન્દ્ર શાસિત પ્રદેશના સ્થાનિક રેસિડેન્સિયલ પ્રૂફ અથવા આઈડી પ્રૂફ નથી તો પણ તેને હૉસ્પિટલમાં ભરતી કરવા અને જરૂરી દવાઓ આપવાની ના ન કહી શકાય. આ પહેલા કોરોનાને લઈને સુપ્રીમ કૉર્ટે કેન્દ્ર સરકારને આદેશ આપ્યો કે દિલ્હીમાં ઑક્સિજનનો પૂરવઠો ૩ મેના મધ્યરાત્રિ અથવા તેના પહેલા ઠીક કરી લેવામાં આવશે.

સાથે જ કૉર્ટે કહ્યું છે કે, ઑક્સિજનની સપ્લાય વ્યવસ્થા રાજયો સાથે વિચાર-વિમર્શ કર્યા બાદ તૈયાર કરો. ઈમરજન્સી વ્યવસ્થા માટે ઑક્સિજનનો સ્ટોક અને ઈમરજન્સી ઑક્સિજન પૂરું પાડવાની જગ્યાને વેકેન્દ્રીત કરો. સુપ્રીમ કૉર્ટે કેન્દ્ર અને રાજય પોલીસ કમિશનરોને નિર્દેશ આપ્યો છે કે સોશિયલ મીડિયામાં કોઈની જાણકારી પર કાર્યવાહી કરી તો અદાલત કાર્યવાહી કરશે. સાથે જ સુપ્રીમ કૉર્ટે કહ્યું હતુ કે, ૨ અઠવાડિયાની અંદર કેન્દ્રને હૉસ્પિટલોમાં પ્રવેશ પર રાષ્ટ્રીય નીતિ બનાવવા અને રાજયો દ્વારા આનું પાલન કરાવવામાં આવે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા:૧૨૮૨૦**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૬૦૭૪૨૨**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૪૦**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૧૯૯૯**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૪૫૨૨૭૫**

### ૨૩ એપ્રિલે ૧.૮૯ લાખના ટેસ્ટિંગ સામે ૨ મેએ ૧.૩૭ લાખના જ ટેસ્ટ થયા,

## સરકારે ટેસ્ટિંગ ૩૦ ટકા ઘટાડી દેતાં કોરોનાના કેસમાં એકાએક કેસમાં 'કૃત્રિમ' ઘટાડો..!?

*અમદાવાદ,તા.૩*

ગુજરાતમાં કોરોનાના કેસમાં છેલ્લા બે-ત્રણ દિવસથી ઘટાડો જોવા મળી રહ્યો છે. જોકે, આ બાબતે તપાસ કરતા જાણવા મળ્યું કે, સરકાર દ્વારા ગુજરાતમાં કરતા ટેસ્ટિંગમાં ૩૦ ટકાનો ધરખમ ઘટાડો કરવામાં આવ્યો છે. ૨૩ એપ્રિલે ૧.૮૯ લાખના ટેસ્ટિંગ સામે ૨ મેએ ૧.૩૭ લાખના જ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેના પગલે કેસમાં પણ ઘટાડો નોંધાયો છે. આ રીતે સરકાર કેસમાં ઘટાડો કરી શું કરવા ઈચ્છે છે તે અંગે લોકોમાં ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. જોકે, લોકોએ કોરોનાને લઈને સાવચેત રહેવાની જરૂર છે.

પહેલાં એક ડોમ પર ૨૦૦થી ૨૫૦ કીટ પહોંચતી હતી. હવે એક ડોમ દીઠ માત્ર ૧૦૦ કીટ જ અપાઈ રહી છે. હાલમાં દરેક ડોમ પર બે શિફ્ટમાં ટેસ્ટિંગ થાય છે. જેમાં એક શિફ્ટમાં માત્ર ૫૦ કીટ જ અપાઈ રહી છે. અત્રે નોંધનીય છે કે એક તરફ રાજ્યમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. ત્યારે રેપીડ ટેસ્ટની કિટમાં કાપ મૂકાયો છે. જો કે લોકો હવે ઈૅઝઈ ટેસ્ટ તરફ વધુ પ્રમાણમાં વળી રહ્યાંનું પણ લાગી રહ્યું છે.

ગત એપ્રિલ મહિનાની ૨૩ તારીખથી ટેસ્ટિંગમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ૨૩ એપ્રિલના રોજ ગુજરાતમાં ૧.૮૯ લાખ લોકોનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. જેનો પોઝિટિવ રેટ ૭.૩ હતો. ત્યારબાદ ઉતરોતર ઘટાડો કરવામાં આવ્યો છે. ગત રોજ ૨ મેના રોજ ૧.૩૭ લાખ લોકોનું જ ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. જેનો પોઝિટિવ રેટ ૯.૪ આવ્યો હતો. છેલ્લા ૧૦ દિવસમાં જ ૫૨ હજાર લોકોના ટેસ્ટિંગમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ગુજરાતમાં કોરોના વાયરસની બીજી લહેર ચાલી રહી છે જેમાં દરરોજ હજારોની સંખ્યામાં લોકો વાઈરસની ઝપેટમાં આવી રહ્યા છે. રાજ્યમાં એપ્રિલ મહિનો ખૂબ જ ભારે રહ્યો છે જેમાં પ્રજાએ પારવાર મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે ત્યારે એપ્રિલ મહિનાના અંતમાં કોરોના વાઈરસ ધીમો પડ્યો અને તે બાદ મે મહિનાથી તો કેસ ધીમે ધીમે ઘટવા લાગ્યા છે ત્યારે ગુજરાતમાં ટેસ્ટિંગ પણ ઘટ્યું છે.

ગુજરાત એપ્રિલ મહિનાથી જ સતત ટેસ્ટિંગ ઘટાડવાની શરૂઆત કરવામાં આવી છે. એપ્રિલ મહિનામાં ૨૩મી એપ્રિલે જ્યારે ૧ લાખ ૮૯ હજાર ૯૦૨ સેમ્પલના ટેસ્ટ કરાયા હતા ત્યારે ૧૩૮૦૪ કોરોના કેસ નોંધાયા હતા પરંતુ ટેસ્ટની સંખ્યામાં ઉત્તરોતર ઘટાડો કરવામાં આવ્યો અને મહિનાના અંતે ૩૦ એપ્રિલે ૧૬૯૩૫૨ ટેસ્ટિંગ કરવામાં આવ્યા હતા, અને ઓછા ટેસ્ટ થયા હોવા છતાં સૌથી વધુ ૧૪,૬૦૫ કેસ નોંધાયા હતા.

શહેરોમાં કોરોના વાઈરસના ટેસ્ટ માટે ડોમ ઊભા કરી દેવામાં આવ્યા છે. તેમાંથી મોટા ભાગના ડોમ બપોર બાદ બંધ કરી દેવામાં આવ્યા છે. જ્યારે હેલ્થ સેન્ટરમાં પણ બપોરે ૧૨ વાગ્યા બાદ ટેસ્ટિંગ બંધ કરી દેવામાં આવ્યું છે. આ સાથે કોઈ તકલીફ ન હોય તો ટેસ્ટ પણ કરવામાં આવ્તો નથી. રાજ્યમાં ટેસ્ટિંગ કીટ ઓછી નથી એવા તંત્ર દ્વારા દાવા કરવામાં આવી રહ્યા છે ત્યારે ટેસ્ટની સંખ્યામાં કેમ સતત ઘટાડો કરવામાં આવી રહ્યો છે તેના પર સવાલ ઊભા થાય છે.

## ભારતમાં સળગતી ચિતાઓની મજાક ઉડાવતાં ઘરમાં જ ઘેરાયું ચીન

*ન્યુ દિલ્હી,તા.૩*

ભારતમાં કોરોના સંકટમાં મદદનો દાવો કરીને સહાનુભૂતિ મેળવવાનો પ્રયત્ન કરી રહેલા ચીનની ગંદી માનસિકતાને ખુદ તેની જ પાર્ટીએ દુનિયા સામે લાવી દીધી છે. આનાથી ચીનની સત્તારૂઢ પાર્ટીની દેશમાં જ નહીં, દુનિયામાં પણ થૂ થૂ થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે ચીનની કૉમ્યુનિસ્ટ પાર્ટીના એક સોશિયલ મીડિયા એકાઉન્ટે ભારતમાં કોરોના સંકટની મજાક ઊડાવી અને કહ્યું કે, ભારતમાં ચિતાઓ સળગી રહી છે, જયારે ચીન અંતરિક્ષમાં સ્પેસ સ્ટેશન તૈયાર કરી રહ્યું છે.

ચીનની માઈક્રો બ્લોગિંગ વેબસાઈટ વીબો પર કૉમ્યુનિસ્ટ પાર્ટીના સેન્ટ્રલ પોલિટિકલ એન્ડ લીગલ અફેર્સના એકાઉન્ટથી કરવામાં આવેલી આ વિવાદાસ્પદ પોસ્ટ બાદ સોશિયલ મીડિયામાં બબાલ મચી ગયો. આ પોસ્ટમાં એક તરફ ચીનના રૉકેટ લૉન્ચ કરવાની અને બીજી તરફ ભારતમાં ચિતાઓ સળગાવવાની તસવીરને બતાવવામાં આવી છે. આ પોસ્ટમાં કેપ્શન લખ્યું છે, 'ચીનમાં આગ લગાવવી દૃજ ભારતમાં આગ લગાવવી.'

આ પોસ્ટ પર ચીનના સોશિયલ મીડિયા યૂઝર્સે ઘણી જ તીખી પ્રતિક્રિયા આપી અને કૉમ્યુનિસ્ટ પાર્ટીની ભારતમાં કોરોના ત્રાસદી પ્રત્યે અસંવેદનશીલતા દેખાડવા માટે સખ્ત ટીકા કરી. વીબો યૂઝર્સે કહ્યું કે, આ પોસ્ટ અનુચિત છે અને ચીને ભારતની સાથે સહાનુભૂતિ દેખાડવી જોઈએ. આ ટીકા બાદ ચીનના સરકારી ભોપૂ ગ્લોબલ ટાઈમ્સના એડિટર હૂ શિજિને લખ્યું કે, આપણે ભારત માટે માનવતાના ઝંડાને આ વખતે ઉપર ઉઠાવવો જોઈએ.

## કર્ણાટકમાં ઑક્સિજન સમયસરના મળવાના કારણે ૨૪ દર્દીઓના કરૂણ મોત

*મૈસુર,તા.૩*

દેશમાં ઑક્સિજનની તંગીના કારણે મોતનો કહેર થંભવાનું નામ નથી લઈ રહ્યો. હવે કર્ણાટકમાં ઑક્સિજન ના મળવાના કારણે ૨૪ દર્દીઓના મોત થઈ ગયા છે. અહીં એક હૉસ્પિટલમાં ઑક્સિજનના અભાવે ૨૪ દર્દીઓના મોત થયા હોવાના સમાચાર છે. આ ઘટના કાલે રાત્રે બની હતી. ઘટના બાદ મૈસૂરથી ચામરાજનગર માટે અઢી સો ઑક્સિજનના સીલેન્ડર મોકલવામાં આવ્યા.

ઉલ્લેખનીય છે કે ચામરાજનગર હૉસ્પિટલને બેલ્લારીથી ઑક્સિજન મળવાનું હતુ, પરંતુ ઑક્સિજન આવવામાં મોડું થઈ ગયું, જેનાથી આટલી મોટી દુર્ઘટના બની. કહેવામાં આવી રહ્યું છે કે જીવ ગુમાવનારા મોટાભાગના દર્દીઓ વેન્ટિલેટર પર હતા. ઑક્સિજન સપ્લાય ખત્મ થયા બાદ તેઓ તડપવા લાગ્યા અને મોત થઈ ગયું. પરિવારની રડી-રડીને હાલત ખરાબ થઈ ગઈ છે.

આ પહેલા કાલાબુર્ગીના કેબીએન હૉસ્પિટલમાં ઑક્સિજનના અભાવે ચાર દર્દીઓના મોત થઈ ગયા હતા. આ જ દિવસે યદગિર સરકારી હૉસ્પિટલમાં લાઈટ કટ થઈ જવાથી વેન્ટિલેટર પર રહેલા એક દર્દીઓનું મોત થઈ ગયું હતુ.

## મોદી સરકારને રાષ્ટ્રીય લોકડાઉન નથી લાદવું, રાજયોને આપી સત્તા

*ન્યુ દિલ્હી,તા.૩*

દેશમાં કોરોના વકરી રહ્યો છે ત્યારે કેન્દ્ર સરકાર રાષ્ટ્રવ્યાપી લોકડાઉનનું પગલું ભરશે કે નહીં તે એક પ્રશ્ન છે. પરંતુ સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્ર સરકારનો રાષ્ટ્રવ્યાપી લોકડાઉન જાહેરા કરવાનો કોઈ ઈરાદો નથી. જો કે રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સલાહ આપવામાં આવી છે કે તેઓ ટ્રાન્સમિશનની ચેઈનને તોડવા માટે અને કોવિડ-૧૯ના વધતા વ્યાપને નિયંત્રણમાં લાવવા માટે કડક પગલાં લે. કોરોનાના કેસમાં દરરોજ થતા સતત વધારા તેમજ હોસ્પિટલોની સ્થિતિ જોઈને ઘણાં રાજયોએ સખત નિયંત્રણો મૂકયા છે. લગભગ ૧૦ રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ ઓછા-વત્તા પ્રમાણમાં નિયંત્રણો મૂકયા છે. આરોગ્ય વિભાગ દ્વારા સલાહ આપવામાં આવી છે કે, ૧૫ ટકાથી વધારે કોરોના પોઝિટિવ રેટ હોય તેવા ઓછામાં ઓછા ૧૫૦ જિલ્લાઓમાં લોકડાઉન જાહેર કરવામાં આવે. આરોગ્ય વિભાગના કર્મચારીઓ તેમજ કોરોના ટાસ્કફોર્સના લોકોને ચિંતા છે કે કુંભ મેળામાંથી પાછા ફરેલા લોકો સુપર-સ્પ્રેડર બની શકે છે.




ઉલ્લેખનીય છે કે શનિવારના રોજ દેશભરમાં ૩.૯૨ લાખ નવા કેસ નોંધાયા હતા જેમાંથી ૭૩ ટકા કેસ ૧૦ રાજયોના છે. આ દસ રાજયોમાં મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, દિલ્હી, કર્ણાટક, કેરળ, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ અને રાજસ્થાનનો સમાવેશ થાય છે. પાછલા દસ દિવસથી દરરોજ ત્રણ લાખથી વધારે કેસો નોંધાય છે, જેના કારણે હોસ્પિટલો, શબઘરો અને સ્મશાનોમાં લાંબી કતારો જોવા મળે છે. અનેક રાજયોમાં દર્દીઓ અને તેમના પરિવારજનોએ હોસ્પિટલમાં બેડ, ઓકિસજન સપોર્ટ અને જરૂરી દવાઓ મેળવવા માટે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જો કે, કેન્દ્રને ચિંતા છે કે રાષ્ટ્રવ્યાપી લોકડાઉન કરવામાં આવે તો અર્થતંત્રને મોટું નુકસાનથશે તેમજ અનેક લોકો બેરોજગાર થઈ જશે, જેમાં ખાસકરીને પ્રવાસી મજૂરોને મોટું નુકસાન થશે. રાજયમાં કેટલા અને કયા પ્રકારના નિયંત્રણો મૂકવા તેની કેન્દ્ર સરકારે રાજયોને છૂટ આપી છે.

## તંત્રી સ્થાનેથી...

### લોકોનો વિશ્વાસ, લાગણી, હમદર્દી સત્તાધારીઓથી દૂર કેમ ભાગી રહ્યા છે....?!

*દેશમાં છેલ્લા ત્રણેક માસથી કાચબા ગતિએ કોરોના કેસોમાં વધારો થઈ રહ્યો હતો..જેની ધીરી ગતિ હોવા છતાં કોરોનાની સંખ્યા દિનપ્રતિદિન વધતી ગઈ હતી. જેમાં કોરોનાની બીજી લહેર સ્વરૂપ બદલીને ત્રાટકી આને દેશના ૧૧ રાજ્યોની હાલત ડામાડોળ કરી નાખી. આવી સ્થિતીને પહોંચી વળવા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો આજે પણ ગડથોલા ખાતી દેખાઇ રહી છે. પરિણામે ઓક્સિજનની અછત, મોટાભાગની હોસ્પિટલો દર્દીઓથી હાઉસ ફુલ છે, હોસ્પિટલો બહાર દર્દીઓની લાઈનો લાગેલી છે, રડેસિવીરની અછતે લોકોને ઓક્સિજન સિલિન્ડર મેળવવાની જેમ દોડતા કરી દીધા છે. તે સાથે મોટાભાગના સ્મશાનગૃહો બહાર મૃતદેહોની અંતિમ સંસ્કાર માટે લાઈનો લાગી છે...આવા કારણોસર આમ પ્રજાને વર્તમાન શાસકો સામે ભારે આક્રોશ વ્યાપી ગયો છે...જ્યારે બીજી તરફ એક પછી એક સાચી સલાહો, ચેતવણીઓ કે તહેવારોને કેન્દ્રના શાસકોએ અવગણના કરી હોવાની વિગતો બહાર આવી રહી છે. ત્યારે લોકોએ જેઓના નામ પર સંપૂર્ણ ભરોસો મૂકીને ભાજપને થોકબધ્ધ મતો આપીને સંપૂર્ણ બહુમતી આપી અને ભાજપાની સરકાર બની તેના લોકો કોરોના સંકટને નિપટવામા તદ્દન નિષ્ફળ ગયા હોવાની વાતો લોકો કરી રહ્યા છે... કારણ અગાઉના સમયમાં શિતળા, પ્લેગ, હિપેટાઇટીસ-બી, ઉપરાંત અન્ય ચેપી વાયરસ રોગો જોયેલા છે અને તે સમયની સરકારોએ આવા રોગોને નાથવા જે પગલાઓ લીધા તે પ્રશંસનિય હતા... જ્યારે હાલના ભાજપ સત્તાધીશો પ્રજાનો પ્રેમ, લાગણી, હમદર્દી, જાળવી રાખવામાં નિષ્ફળ નિવડ્યા છે....! અને આવા કપરા કાળમાં જ્યારે આમ પ્રજા કોરોનાથી બચવા અહીં તહી દોડતી રહી અને નેતાઓના કહેવા અનુસાર માસ્ક સહિત કોરોના નિયમોનું પાલન કરતી રહી...તો કેટલાકો ભૂલને કારણે દંડાતા રહ્યા..... જ્યારે કે કેન્દ્રીય નેતાઓને પાંચ રાજ્યોની ચૂંટણી જીતવાની લગની લાગી ગઈ હતી.... કેન્દ્રના લગભગ ૫૦% નેતાઓ કોરોના સંક્રમિત લોકોની મુશ્કેલીઓ કે તેમની સારવાર સુવિધા માટે ની તકલીફ દૂર કરવાનું ભૂલીને ચૂંટણીઓ જીતવામાં ગળાડૂબ થઈ ગયા હતા....! અને તે પણ કોરોના નિયમોનો ભંગ કરવા સાથે ચૂંટણી સભાઓ, રેલીઓ યોજી... અને ચૂંટણી પંચને આમાંનુ કઈ દેખાતું ન હતું.....! છેવટે મદ્રાસ હાઈ કોર્ટની એક જ ચેતવણી-દિશા નિર્દેશે ચૂંટણીપંચની ઊંઘ ઉડાડી દીધી.... અને ચૂંટણી પંચે ચૂંટણી પ્રક્રિયાઓ મત ગણના સિવાયની પૂર્ણ થઇ ગઇ હતી ત્યારે જ સભા-સરઘસ પર પ્રતિબંધ ફરમાવી દીધો. જીતેલા ઉમેદવાર માત્ર એક અથવા બે વ્યક્તિને સાથે લઈ જઈને સર્ટી મેળવી શકે. બીજી તરફ પશ્ચિમ બંગાળની જાગૃત પ્રજાએ વ્યક્તિ પૂજાને મહત્વ નહી આપીને કોમવાદી વલણને ઠુકરાવી દઈને એકલવીર મમતાદીદીની ત્રુણમૂલ કોંગ્રેસને સત્તાનુ સુકાન ત્રીજીવાર સોંપી દીધું.... જેના પડઘા સમગ્ર દેશમા પડ્યા છે....લોકોમાં ખુશી ફરી વળી છે.... જે હવે ભાજપ માટે નુકસાનદાયી બની શકે.....!!*

*પાંચ રાજ્યો પૈકી કેટલાક રાજ્યોમાં જીતેલા ઉમેદવારના ટેકેદારોએ જીતનો જશ્ન મનાવવા સરઘસો કાઢ્યા તેમની સામે પગલાં લેવા ચૂંટણી પંચે ફરમાન છોડયું છે. તે સાથે જે વિસ્તારમાં આવા જીતના સરઘસો નીકળ્યા હતા તે વિસ્તારના અધિકારી સામે પગલાં લેવા આદેશ કર્યા છે. પરંતુ મદ્રાસ હાઈકોર્ટની ચેતવણી અને દિશા નિર્દેશ અનુસાર ચૂંટણી પંચ સામે માનવ હત્યાના જવાબદાર ગણી કેસ કરવાની તૈયારીઓ ચાલી રહી હોવાની વિગતો બહાર આવી રહી છે.... ત્યારે જો કોર્ટ કેસ દાખલ થશે તો તેના છેડા જે તે રાજકીય નેતાઓ સુધી પહોંચશે કે શું.....? કારણ કે ચૂંટણી પંચે પોતાનો બચાવ કરવાનો છે.....!! બીજી તરફ દેશમાં જે રીતે કોરોના સંક્રમિતોને દાખલ થવા માટે જે તે રાજ્યમાં વિવિધ તકલીફો પેદા થઈ છે. દવાઓ, ઓક્સિજન વગેરેની અછત ઊભી થઈ છે... ત્યારે સરકાર કોરોના દર્દીઓ માટે સમરસ હોસ્પિટલ ઊભી કરે છે તેમજ અન્ય સુવિધાઓ ઊભી કરવામાં આવે છે ત્યા જશે ખાટવા માટે નગરસેવકથી લઈને ધારાસભ્યો પાછું વળીને જોતા નથી જ્યારે ખરેખર તો આવા ચૂંટાયેલા પ્રજા પ્રતિનિધિઓ લોકો વચ્ચે જતા જ નથી.. કે પ્રજાથી દૂર રહી હોમક્વોરેન્ટાઈન થઇ ગયા છે....! અને આવા લોકોજ વડાપ્રધાન મોદીજીનું નામ ખતમ કરી રહ્યા છે ત્યારે હવે ભાજપના રાષ્ટ્રીય અને પ્રાદેશિક નેતાઓ આ બાબતે જાગૃત થઈ જરૂરી પગલાં ભરશે કે કેમ....? નહીં તો પશ્ચિમ બંગાળના પરિણામો સામેજ છે....!!, વંદે માતરમ્,*

## કોરોનાથી વન્યજીવોને ખતરો, સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી દ્વારા ગાઈડ લાઈન બહાર પાડી

ન્યુ દિલ્હી,તા.૩


કોરોનાનું સંક્રમણ એટલી હદે વધી ગયું છે કે લોકોની સારવાર કરતા મેડિકલ સ્ટાફને પીપીઈ કીટમાં જોયા હશે. પરંતુ હવે વન્યજીવોને સંક્રમણથી બચાવવા તેની સાર સંભાળ કરતાં વ્યક્તિઓએ પણ પીપીઈ કીટ પહેરવા મજબૂર બનવું પડ્યું છે.

કોરોનાનો વિસ્ફોટ થયો છે, ત્યારબાદ મનુષ્ય બાદ હવે વન્યજીવો પણ સંક્રમણનો ભોગ બને તેવો ભય સરકારને લાગ્યો છે અને તે ભય ખોટો પણ નથી. કેમકે હવે વન્ય પ્રાણીઓની રખેવાળી કરતા વનવિભાગના ઘણા ખરા અધિકારીને કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત બન્યા છે. પરંતુ જંગલમાં વન્ય પ્રાણીઓ થોડા ઘણા અંશે પણ સલામત હોય છે. પરંતુ વાત છે ઝૂના પશુ પક્ષી પ્રાણીઓનીપકેમકે તેને દરરોજ પાણી ખોરાક સહિતની જરૂરીયાતો પુરી પાડવા માનવબળની મદદ લેવામાં આવી રહી છે. જેથી તેનો સાર સંભાળ કરનાર કીપર સંક્રમિત હોય તો વન્ય પ્રાણી સિંહ, દીપડા, વાઘ જેવા પશુ-પક્ષી કોરોનાનો ભોગ બને તેવા ડરના કારણે સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી દ્વારા ગાઈડ લાઈન બહાર પાડવામાં આવી છે કે વન્ય પ્રાણીના પાંજરામાં સાર સંભાળ કરતા વ્યક્તિએ પણ PPE કીટ પહેરી અંદર પ્રવેશ કરવો. જેથી જુનાગઢ સક્કરબાગ ઝુના કીપરોએ પાંજરામાં ખોરાક પાણી સફાઇ માટે જાય ત્યારે ફરજિયાત પીપીઈ કીટ પહેરી વન્ય જીવોના સંક્રમણથી બચાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.સેન્ટ્રલ ઝૂ ઓથોરિટીએ અને કેન્દ્રના વન અને પર્યાવરણ વિભાગે એક માર્ગદર્શિકા બહાર પાડી તમામ રાજયના વન વિભાગને જાણ કરી છે.

## સમસ્ત મહાજને કોરોનાકાળમાં કરેલાં અપ્રતિમ સેવાકાર્યોની ઝીણવટભરી વિગતો પુસ્તકરૂપે

મુંબઈ, અમદાવાદ, ૨૯ એપ્રિલ ૨૦૨૧

અગ્રણી સેવાસંસ્થા સમસ્ત મહાજને કોરોનાવાઈરસના સંકટકાળમાં દેશનાં અનેક રાજ્યોમાં અનુમોદનીય રાહતકાર્યો કરીને લાખો દુ:ખિયારાઓનાં આંસુ લૂછ્યાં અને શાતા પહોંચાડી છે. પ્રથમ અને અત્યાર સુધીના કદાચ આખા વિશ્વના સૌથી આકરા એવા લૉકડાઉનની શરૂઆત સાથે સમસ્ત મહાજને રાહતકાર્યો આદરી દીધાં હતાં. ૨૨ માર્ચ ૨૦૨૦થી શરૂ થયેલું આ સેવા આંદોલન આજ સુધી જારી છે. સામાન્યજનોને, દાતાઓને, અધિકારીઓને અને સાધુસંતોને પણ આ કાર્યોની વિગતવાર જાણકારી પ્રાપ્ત થાય તેવા શુભ ઉદ્દેશ સાથે સમસ્ત મહાજને કોરોનાકાળનાં સેવાકાર્યોની સંપૂર્ણ વિગતોના સંપુટ સમાન એક દરજ્જેદાર પુસ્તક હાલમાં પ્રસિદ્ધ કર્યું છે. પુસ્તકનું શીર્ષક ચલો કુછ અચ્છા હો જાયે છે અને એ હિન્દીમાં છે. "સેવાકાર્યો કરવાં એ સમસ્ત મહાજનના એકએક સભ્ય અને કાર્યકર્તાનો સ્વભાવ છે. એની વિગતો સૌના સુધી પહોંચાડવી એ પણ સેવા જેટલી અગત્યની એક ફરજ છે. અમે આ પુસ્તક એટલા માટે તૈયાર કર્યું છે કે અમારાં



સેવાકાર્યોની વિગતો સહુ સુધી પહોંચે. દાનનો મહિમા લોકોની જાણમાં આવે તેનાથી પુણ્યશાળીઓ દાન આપવા પ્રેરાય એ પણ આ પુસ્તક તૈયાર કરવા પાછળની અમારી ભાવના છે. જે દાતાઓ અમને સતત પીઠબળ આપતા રહ્યા છે તેઓ પુસ્તકમાંની સેવાકાર્યોની વિગતો વાંચીને સંતોષ અનુભવશે કે અમે યોગ્ય સંસ્થાને સાથ આપ્યો છે અને અમારા દાન થકી જરૂરિયાતમંદોને શાતા પહોંચી છે," સમસ્ત મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહ પુસ્તક તૈયાર કરવા પાછળના પ્રયોજન વિશે જણાવે છે. છેલ્લાં ૧૯ વરસથી સમગ્ર દેશમાં સમસ્ત મહાજન ઉત્કૃષ્ટ સેવાકાર્યો કરવા સાથે નખશિખ પારદર્શકતા અને ખંત માટે જાણીતી છે. ચલો કુછ અચ્છા હો જાયે પુસ્તકમાં ઉપલબ્ધ વિગતો વાંચનારને સંસ્થા અને તેના સંચાલકો તથા કાર્યકર્તાઓ માટે માનની લાગણી થશે. લૉકડાઉનમાં દેશ આખો ચેપી રોગથી બચવાના ભયથી ઘરમાં બંધાયો હતો ત્યારે સમસ્ત મહાજનના હજારો સાથીઓ જીવની પરવા કર્યા વિના સેવારત હતા. ક્યાંક કોઈક પગપાળા વતન જવા નીકળેલા નાગરિકોને ચા-પાણીથી લઈને ભોજન પૂરું પાડી રહ્યા હતા. ક્યાંક વળી કોઈક રોટી બેક્ર નામની અનોખી યોજના થકી રોજેરોજ હજારો ઘરમાં તૈયાર ભોજન પહોંચાડી રહ્યા હતા.ક્યાંક વળી કોઈક નિરાધાર પશુઓનાં ચારા-પાણીની, પક્ષીઓના ચણની વ્યવસ્થા કરવામાં વ્યસ્ત હતું. ક્યાંક કોઈક એરપોર્ટમાં અટવાયેલા કર્મચારીઓની સગવડો સાચવવામાં હતા. એ બધાં ઉપરાંત અનેક નાની સંસ્થાઓથી લઈને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ જેવી વિરાટ સંસ્થાઓ સાથે ખભેખભા મિલાવીને પણ સેવા થઈ રહી હતી. આટલું ઓછું હોય તેમ હજારો કિલોમીટરનો પગપાળા પ્રવાસ કરીને વતન પહોંચનારા મજૂરોને રોજીરોટી મળે તથા તેમના ગામની પાણીની સમસ્યાનો પણ કાયમી નિવેડો આવે એવા આશય સાથે તળાવો ઊંડાં કરવાં, નવાં તળાવ ખોદાવવાં જેવાં કામ પણ થયાં. યાદી બહુ લાંબી છે. સમસ્ત મહાજને કરેલાં કાર્યોના વ્યાપને અને તેના મહત્ત્વને સમજવા સૌએ આ પુસ્તક વાંચવું રહ્યું.

ગિરીશભાઈ ઉમેરે છે, "સરકારી અને સ્વાસ્થ્યલક્ષી નિયમોનું અક્ષરશઃ પાલન કરતાં કરતાં લૉકડાઉનમાં સેવાકાર્યો કરવાં આસાન નહોતાં. જે સેવા કરે એની સુરક્ષા પણ અમારે જોવાની હતી. પરમાત્માની કૃપાથી અમે નિયમોનું પાલન ત્યારે પણ કરી શક્યા અને હાલમાં પણ દરેક સેવાકાર્યમાં કરી રહ્યા છીએ. સંતોષ એ વાતનો પણ ખરો કે અમારાં કાર્યોમાં અમને દાતાઓ સાથે અનેક અધિકારીઓ અને રાજકીય આગેવાનોનો પણ સબળ સાથ મળ્યો. કોરોનાનો સંકટકાળ જાય નહીં ત્યાં સુધી અમે લગાતાર સેવાકાર્યો કરવાને પ્રતિબદ્ધ છીએ." સમસ્ત મહાજનના આ પુસ્તકને ડિજિટલ સ્વરૂપે અથવા પુસ્તકરૂપે મેળવવા ૯૮૨૦૦૨૦૯૭૬ મોબાઇલ નંબર પર સંપર્ક સાધી શકાય છે, અથવા samastmahajan9@gmail.com પર ઈમેઈલ કરી શકાય છે.

## કોરોનાને સરકારે હળવાશમાં લીધો, જુલાઈ સુધી રસીની તંગી રહેશે -અદાર પૂનાવાલા

ન્યુ દિલ્હી,તા.૩

દેશમાં કોરોનાવાયરસ મહામારીની બીજી લહેર ને પગલે અનેક રાજ્યોમાં બંધ જેવી હાલત છે અને સમગ્ર દેશમાં પરિસ્થિતિ ગંભીર બની રહી છે ત્યારે રસીકરણ અભિયાન દેશમાં શરૂ થયું છે પરંતુ અનેક રાજ્યોમાં હજુ પણ રસીના અભાવથી લોકોને રસી આપી શકાય નથી અને ગંભીર પરિસ્થિતિ ઉભી થઈ છે ત્યારે રસી નિમર્તિા આદર પુનાવાલા એ પણ ચિંતા વધારી દીધી છે.

તેમણે એક ખાસ મુલાકાતમાં મીડિયાને ચિંતાજનક વાત કરી હતી કે દેશમાં જુલાઇ માસ સુધી રસીનો અભાવ રહેવાનો ખતરો છે કારણકે હજુ સુધી વ્યવસ્થા સંપન્ન થઈ નથી અને મને ધમકીઓ મળી હોવાથી હું બ્રિટનમાં છું અને અહીં મારું રોકાણ લંબાશે તેવું મને લાગે છે.

તેમણે કહ્યું કે હું બ્રિટનમાં ક્યાં સુધી રહીશ તેની મને પણ ખબર નથી અને બધી જવાબદારી મારા ખભા પર છે ત્યારે રસીના ઉત્પાદનમાં મારે ગંભીર અવરોધો સર્જાયા છે અને તેને કારણે કામગીરી બંધ પડી ગઈ છે અથવા તો ખૂબ જ ધીમી થઈ ગઈ છે અને એટલા માટે જુલાઈ માસ સુધી રસીનો જથ્થો પુરતા પ્રમાણમાં બનાવી શકાશે નહીં.

તેમણે એમ પણ કહ્યું છે કે હવે રસી ઝડપથી અને મોટા પ્રમાણમાં ઉત્પાદન કરવા માટે ભારતથી બહાર પણ કામગીરી શરૂ કરવી પડશે અને આ શક્યતા વધુ દેખાય છે અને સંભવતઃ બ્રિટનમાં જ હવે પછીની રસીનું ઉત્પાદન થાય તેવી શક્યતા છે એવો ઈશારો પણ એમણે કરી દીધો છે.

દેશ માટે ચિંતાનો વિષય છે કે જો જુલાઈ માસ સુધી રસીની કમી રહેશે તો દેશના અનેક રાજ્યોમાં કોરોનાવાયરસ ના દર્દીઓ ની સંખ્યામાં વધારો થવાનું જોખમ રહેલું છે અને પરિસ્થિતિ વધુ ગંભીર બની શકે છે તેવો ખતરો પણ દેખાઇ રહ્યો છે.અનેક રાજ્યો પાસે પુરવઠો ખલાસ થઇ ગયો છે અને ઘણા બધા રાજ્યોમાં હજુ પણ રસીકરણ શરૂ થઈ શકતું નથી ત્યારે આગામી દિવસો વધુ પડકારજનક રહેવાની સંભાવના છે.

## અમેરિકાથી ભારતને મળી મોટી મદદ, જર્મનીએ પણ મોકલ્યા ૪ ઑક્સિજન કન્ટેનર

ન્યુ દિલ્હી,તા.૩

દેશ કોરોના વાયરસનો જબરદસ્ત મારો સહન કરી રહ્યો છે. કોરોનોના વધતા કેસ અને ઑક્સિજન તેમજ અન્ય સ્વાસ્થ્ય સામગ્રીની તંગીની વચ્ચે સંકટ વધારે મોટું થઈ રહ્યું છે. ભારતમાં કોરોનાના નવા કેસો ૪ લાખનો આંકડો પાર કરી ગયા છે. આવામાં વિદેશી દેશોથી ભારતમાં મદદ મોકલવામાં આવી રહી છે. આ ક્રમમાં અમેરિકા તરફથી મોકલવામાં આવેલી રેમડેસિવિરની ૧૨૫૦૦૦ શીશીઓ સોમવારના દિલ્હી એરપોર્ટ પહોંચી.

આ સપ્લાયમાં રેમડેસિવિરની તંગીને પહોંચી વળવા માટે થોડીક મદદ જરૂર મળશે. બીજી તરફ કોરોના વાયરસ સંકટની વચ્ચે ઑક્સિજન પૂરુ પાડવા માટે ભારતીય વાયુસેના સંપૂર્ણ તાકાત લગાવી રહી છે. તો ભારતીય વાયુસેનાના સી-૧૭ એરક્રાફ્ટે ૪ ક્રાયોજેનિક ઑક્સિજન ટેંક્રર જર્મનીથી એરલિફ્ટ કર હિંડન એરબેઝ પર પહોંચાડ્યા. આ ઉપરાંત ૪૫૦ ઑક્સિજન સીલેન્ડર પણ બ્રિટનથી એરલિફ્ટ કરીને ચેન્નાઈ એરબેઝ પર પહોંચાડવામાં આવ્યા. ભારતીય વાયુસેનાએ આ વાતની જાણકારી આપી.

ઉલ્લેખનીય છે કે કોરોના સંકટની વચ્ચે ભારતીય નૌસેનાના જહાજો વિદેશોથી ઑક્સિજન ટેંક્રર લાવવા માટે સ્ટેન્ડ બાય મોડ પર રાખવામાં આવ્યા છે. ગલ્ફ અને સાઉથ ઈસ્ટ એશિયન દેશોની નજીક ભારે ક્ષમતાવાળા જહાજોને આવા અભિયાન માટે તૈયાર રહેવા માટે કહેવામાં આવ્યું છે. નેવી સૂત્રોએ આ વિશે જાણકારી આપી છે. બીજી તરફ ભારત સરકાર તરફથી આપવામાં આવેલી જાણકારી પ્રમાણે ૪ મેના બ્રિટનના પ્રધાનમંત્રી બોરિસ જોનસન અને દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વચ્ચે વર્ચુઅલ સમિટ થવાની છે. સમિટથી પહેલા બ્રિટને ભારતને વધુ ૧૦૦૦ વેન્ટિલેટર મોકલવાનો નિર્ણય કર્યો છે. આનાથી હૉસ્પિટલોમાં ભરતી કોરોના દર્દીઓની તબિયત સુધારવામાં સરળતા રહેશે.

## સુપ્રીમનો કેન્દ્રને આદેશઃ ૨ દિવસની અંદર દિલ્હીની ઓક્સિજનની તંગી દૂર કરો

ન્યુ દિલ્હી,તા.૩

દિલ્હી સહિત દેશના અનેક ક્ષેત્રમાં ઓક્સિજનની ભારે તંગીની વાત સામે આવી રહી છે જેને લઈ સુપ્રીમ કોર્ટ એક્શનમાં આવી ગઈ છે. સુપ્રીમ કોર્ટે આ મામલે જાતે જ સંજ્ઞાન લઈને કેન્દ્રને નિર્દેશ આપ્યો છે કે, તે દિલ્હીને પડી રહેલી ઓક્સિજન તંગીની સમસ્યા ૨ દિવસમાં ઉકેલી દે.

કોર્ટના કહેવા પ્રમાણે દિલ્હીને ઓક્સિજન સપ્લાયમાં જે તંગી પડી રહી છે તેને ૩ મેની રાત કે તેના પહેલા જ પૂરી કરી દેવી જોઈએ. વધુમાં કોર્ટે કેન્દ્રને ૪ દિવસની અંદર ઈમરજન્સી સ્ટોક્સ તૈયાર કરી દેવા પણ કહ્યું હતું. જે દૈનિક વસ્તુઓ છે અથવા તો રાજ્યો માટે ઓક્સિજન સપ્લાયની જે નીતિ છે તેને ફરી તૈયાર કરવી જોઈએ.

કેન્દ્ર હાલ પોતે ૫૦ ટકા વેક્સિન ખરીદે છે, બાકી ૫૦ ટકા વેક્સિનને કંપનીઓ સીધી જ રાજ્યો અને ખાનગી સંસ્થાનોને વેચી શકે છે. જસ્ટિસ ડીવાઈ ચંદ્રચૂડ, જસ્ટિસ એલ નાગેશ્વર રાવ અને જસ્ટિસ એસ રવીંદ્ર ભટ્ટે કહ્યું- બંધારણમાં આપવામાં આવેલા અધિકારોમાં લોકોને જીવવાનો અધિકાર અને તેમાં સ્વાસ્થ્યનો અધિકાર સંકળાયેલો છે, તેને સ્પષ્ટ રીતે નુકસાન પહોંચાડી રહ્યાં છો.

કેન્દ્ર અને રાજ્ય કોરોનાનું સંક્રમણ રોકવા માટે લોકડાઉન લગાવવા પર સતત વિચાર કરી રહ્યાં છે. કોર્ટ નબળા તબક્કા પર પડનાર લોકડાઉની સામાજિક-આર્થિક અસરથી વાકેફ છે. એવામાં જો સંક્રમણ રોકવા માટે લોકડાઉન લાગુ કરવામાં આવે છે તો એ પહેલા આ તબક્કાની જરૂરિયાતોને પુરી કરવા બાબતે ધ્યાન આપવું જોઈએ.

હોસ્પિટલ લોકલ આઈડી પ્રુફના નામે દર્દીઓને દાખલ કરવા અને જરૂરી દવાઓ આપવાથી ઈક્રાર ન કરે. કેન્દ્ર હોસ્પિટલોમાં દર્દીઓને દાખલ કરવાના મુદ્દે બે સપ્તાહમાં નેશનલ પોલીસી બનાવે. આ પોલીસીને તમામ રાજ્યોએ માનવી પડશે.

કેન્દ્ર વેક્સિન નિર્માતાઓને વ્યાજબી ભાવ કરવાનું કહે. તમામ વેક્સિન પોતે ખરીદે અને તે પછી રાજ્યો માટે તેનું એલોટમેન્ટ અને ડિસ્ટ્રીબ્યુશન કરવામાં આવે. કેન્દ્ર રાજ્યોને વેક્સિન નિર્માતાઓની સાથે ભાવ પર વાતચીત માટે કહી રહી છે. કેન્દ્રનો તર્ક એ છે કે તેનાથી હરીફાઈ વધશે અને ખાનગી કંપનીઓ માર્કેટમાં આવશે. તેનાથી વેક્સિનનું પ્રોડક્શન પણ વધશે, જોકે એવું કરવું ૧૮-૪૪ વર્ષ સુધીના લોકો માટે નુકસાન દાયક નીવડશે. આ ઉંમરના ઘણા લોકો નબળા તબક્કાના છે, જેમના માટે વેક્સિનની કિંમત ચૂકવવાનું પણ શકય નથી.

ઓક્સિજન અને બેડ્સની અછતને લઈને ગત શુક્રવારે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢી હતી. કોર્ટે કહ્યું હતું- ખાનગી કંપનીઓ એ નક્કી કરશે નહિ કે કોને કેટલી વેક્સિન આપવામાં આવે. તેમને આ બાબતની આઝાદી ન આપવામાં આવે. જોકે મુદ્દો એ છે કે કેન્દ્ર પોતે જ શાં માટે વેક્સિન ખરીદતુ નથી, કારણ કે રાજ્યોને એક સરખી રીતે વેક્સિન આપવા માટે તે સારી પોઝિશન પર છે.

### તબીબોએ કાળમુખા કોરોના સામે જંગ ખેલી માતા-પુત્રીનો મિલાપ કરાવ્યો

# મેઘનાબેન દેદૂનના જુસ્સા અને સિવિલ હોસ્પિટલના તબીબોની કર્તવ્યનિષ્ઠા સામે કોરોના હાંફ્યો

કાળમુખા કોરોનાએ ઘણાંય પરિવારો પર કેર વર્તાવ્યો છે.ઘણા પરિવારો વિખૂટા થયા છે.આ વખતે અમદાવાદ શહેરના મેધનાબેન દેદૂન સાથે પણ કોરોનાએ એ જ પ્રયત્ન કર્યો. સગર્ભા માતાએ દિકરીને જન્મ આપ્યાના બીજા જ દિવસે તેઓ કોરોનાગ્રસ્ત થયા અને કાળમૂખા કોરોનાએ નવજાત બાળકીના હિસ્સાનુ વાત્સલ્ય તેમનાથી છીનવી લીધુ. માતા કોરોનાગ્રસ્ત બનતા તેઓને હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવા પડ્યા.

નવજાત બાળકના હિસ્સાનું વ્હાલ છીનવાઇ જાય તેનાથી મોટું દુખ એક માતા માટે કયુ હોઇ શકે...?માતા બનવાનો અહેસાસ દુનિયાનો સૌથી મોટુ સુખ આપનારો અહેસાસ હોય છે.માતા જ્યારે પોતાના નવજન્મેલા બાળકને પ્રથમ વાર હૈયા સરસું ચાંપે છે ત્યારે દુનિયાની શ્રેષ્ઠ અનુભૂતિને પામે છે. નવજાત બાળકીને માતાનું ધાવણ ખૂબ જ મહત્વનું હોય છે. પરંતુ આ



કોરોનાને તો ક્યા કોઇ જીવ પ્રત્યે સંવેદના છે જ ? અસંવેદન એવો આ કાળમુખા કોરોનાએ તો આ માતાને તેના નવજાત બાળક થી દૂર રાખવાના તમામ પ્રયત્નો કર્યા.

પરંતુ કહેવાય છે ને કે તબીબો ઘરતી પરના દેવદૂત છે. તેઓ દર્દીનો જીવ બચાવવા અને દર્દીને મોતના મુખમાંથી ઉગારવા માટે કૃતસંકલ્પ બને ત્યારે કોરોના જેવા કાળમુખા વાયરસે પણ તેમના જુસ્સા સામે હાર સ્વીકારવી પડે.

વાત કંઇક એવી છે કે, અમદાવાદ શહેરના મેધનાબેન દેદૂને દિકરીને જન્મ આપ્યો.આ તેમનું બીજુ બાળક છે. સમગ્ર પરિવારમાં ખુશહાલીનો માહોલ. હજુ તો આ ઉત્સવ ઉજવવાનો બાકી હતો ત્યારે બીજા જ દિવસે મેધનાબેનને કોરોનાના લક્ષણો જણાઇ આવ્યા .જેથી તેમનો કોરોના ટેસ્ટ કરાવવામાં આવ્યો જે પોઝીટીવ આવ્યો . વળી ૩૦ ટકા જેટલા ફેફસા પણ કોરોનાથી ક્ષતિગ્રસ્ત થયા હતા. જેથી તેમને અમદાવાદ સિવિલ હોસ્પિટલની કોરોના ડેઝીગ્નેટેડેડ ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ત્યાં તેઓની સધન સારવાર શરૂ કરવામાં આવી.

આ દરમિયાન માતાના શરીરમાં વાયરસનુ સંક્રમણ એટલી ઝડપે વધી રહ્યુ હતું કે ફક્ત ૨ જ દિવસમાં ફેફસાનો ૮૫ થી ૯૦ ટકા ભાગ વાયરસ થી ક્ષતિગ્રસ્ત બન્યો

જીંદગી અને મોત વચ્ચે સંગ્રામ ખેલી રહેલી આ માતા જીવન જીવવાની આશા છોડી જ ચૂકી હતી. પરંતુ બીજી તરફ નવજાત બાળકી જેણે હજુ તો આ ઘરતી પર પગ મૂક્યો છે તે મેધનાબેનની ઘરે પરત ફરવાની રાહ જોઇ રહી છે,માતાના ખોડામાં માથુ રાખી સૂવા માટે ઝંખના સેવી રહી હતી.. માતાનું ધાવણ લઇ સક્ષમ બની જીવનમા ડગ માંડવાના સપના સેવી રહી હતી આ તમામ સ્વપ્ન મેધનાબેનની આંખો સમક્ષ સરી રહ્યાં હતા

મેધનાબેન દેદૂને જીવન અને મરણ વચ્ચેનો આ સંગ્રામ અને કાળમૂખા કોરોના સામેની જંગ અતિ ગંભીર બની રહી હતી. પરંતુ સિવિલ હોસ્પિટલના તબીબોની કર્તવ્યનિષ્ઠા અને દર્દીનો ગમે તે ભોગે જીવ બચાવવાના નિર્ધાર સામે કોરોના હાંફ્યો! ૬ દિવસની સધન સારવાર અને હોસ્પિટલના સ્ટાફની દિવસ રાતની મહેનત અને પ્રોગ્રેસીવ સારવાના કારણે મેધનાબેન દેદૂને કોરોના હંફાવ્યો.

મેધનાબેન દેદૂન લાગણીસભર સ્વરે કહે છે કે, 'સિવિલ હોસ્પિટલના તબીબો અને અહીંના તમામ સ્ટાફ મિત્રોની દર્દીઓ પ્રત્યેની સંવેદનશીલતા અને દેખરેખના કારણે જ આજે હું ઘરે પરત ફરીને મારી નવજાત બાળકીને જોઇ શકવા સક્ષમ બની છું. મારી બાળકીને માતાનો સ્નેહ આપવા આતુરતાથી રાહ જોઇ રહી છું મારી બાળકીને ગળે લગાડીને વ્હાલ કરવાની લાગણીઓ સેવી રહી છું. આ બધુ જ શક્ય બન્યું છે તો સિવિલ હોસ્પિટલના તબીબોની તબીબી સારવાર ના કારણે. અહીંનો તમામ સ્ટાફ ખૂબ જ લાગણીસભર છે. હોસ્પિટલમા રહીને પણ હોસ્પિટલ જેવી અનુભૂતિ ક્યારેય ન થવા દે...' સિવિલ હોસ્પિટલ સુપ્રીન્ટેન્ડેન્ટ ડૉ. જે.વી. મોદી કહે છે કે, 'સિવિલ હોસ્પિટલની કોરોના ડેડીકેટેડ ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં દર્દીઓની સારવાર માટે કામ કરી રહેલા ૨૫૦૦ થી વધુ સ્ટાફ રાઉન્ડ ધ ક્લોક દર્દીઓની સેવામાં તહેનાત છે. તમામ સ્ટાફમિત્રો દર્દીઓ પ્રત્યેનો સંવેદનાસભર અભિગમ દાખવીને જ પોતાની ફરજ બજાવી રહ્યા છે. આ તમામ સ્ટાફમિત્રોના અથાગ પરિશ્રમના કારણે જ મેધનાબેન દેદૂનની સફળ સારવાર જેવા અનેક કિસ્સા જોવા મળ્યા છે.જેમા અતિગંભીર સંક્રમણથી સંક્રમિત થયા બાદ પણ ઘણાંય દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે...'

એમ તેઓ ઉમેરે છે..

અમિતસિંહ ચૌહાણ




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ પદ્ય રચના રજૂ કરવામાં આવે છે.

વિષય : વટ.વચન.વેર વિષયક રચનાઓ - .દિવસ - ૨

www.janfariyadnews.com

Email : prdpraval42@gmail.com

What's up calling No : 9824653073

તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ

નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ

યુ ટ્યુબ ચેનલ : janfariyadnews

ન્યૂઝ પોર્ટલ : janfariyanews

વેબ સાઈટ : janfariyadnews

---

NOG SS No : 0044

વિષયઃ- વટ, વચન,વેર.

વિભાગઃ-પદ્ય

શીર્ષકઃ- હત્યાસ્થાન.

પ્રભુ,વચન આપ મુજને,
હું જન્મું મુજ માતને ખોળે.
છે ગર્ભાશય ગર્ભાધાન માટે.
શીદ બનાવો એને હત્યાસ્થાન?
સદ્‌બુદ્ધિ દે માનવ જાતને.
કન્યા ભ્રૂણની હત્યા ન કરે.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા_

---

NOG SS NO: 0099

વિષયઃ વટ, વચન

પ્રકારઃ પદ્ય

શીર્ષક : વટ છે

સંયુક્ત કુટુંબમાં જીવન જીવવાની રમઝટ છે,
પીઠ થાબડવામાં તો મારી સાસુમાનો વટ છે.
પરિવારના માળામાં ક્યારેક લક્ષમાં વધઘટ છે,
સંબંધોની દુનિયામાં તો બસ અમારો વટ છે.
મારી ઓળખ રાતી ચુંદડી અને વાંકી લટ છે,
કંથને ભાળીને જો હું લાજું તો મારો વટ છે.
નણંદનો ઉલ્લાસ પેલી સહિયરું ને પનઘટ છે,
બેડલું ભરીને હોંશે પાણી લાવે તો એનો વટ છે.
નાનકડો મારો વહાલો દિયર બહુ નટખટ છે,
સમજદારી અને સૌહાર્દથી દેરાણીનો વટ છે.

ભાવનાબેન મિસ્ત્રી 'અભય'

---

NOG SS No :- 0010

વિષય :- વટ,વચન,વેર

વિભાગ :- પદ્ય

શીર્ષક :- પીછેહઠ

વચન વાણીનાં સાતત્ય જેવું રાખ્યું છે હ્રદય અમે,
યાદોનાં તણખલાં વીણી રાખ્યાં હતાં સમયમાં અમે.
વચન દીધાં પછી પીછેહઠ કરવાનું નહીં ફાવે મને,
પાતળી દોરીથી ચણ્યા વિશ્વાસના મિનારા અમે.
વીત્યાં વર્ષો જાણતાં કે અજાણતાં ખબર નથી હવે,
દિવાલ એ ઊંચી કદમ કદી ઓળંગી શક્યાં નહીં અમે.
પરસ્પર એ વિશ્વાસે દરેક તહેવાર ઉજવાશે સંગાથે,
સમય સંજોગો સામે હાર્યા વિના પણ લડીશું અમે.
શ્વાસ ભલે તૂટે વિશ્વાસ અતૂટ શ્રદ્ધા વચનના મૂલે,
સત્ય વચનથી ભલે દુનિયામાં ખોવાઈ જઈશું અમે.

દીપ્તિ પટેલ 'શ્રીકૃપા', વડોદરા.

---

NOG SS NO - 0032

વિભાગ પદ્ય

શબ્દ - વટ, વચન ને વેર.

શીર્ષકઃ- વચન

ઓ કાના .....ઓ કાના સૂન રે..
તારી રાધા રુએ આંસુડાંની ધાર...
તને વીનવું હું વારંવાર વારંવાર
તારા વચન થી બંધાવું વારંવાર.
તારા પાઘડીના વળ છેડે રાધાજીનું ફૂમતું...ભમતું અને રમતું . આ
મારા અંબોડે ગૂંથાતું કાનાનું મોરપીંછ મને ગમતું અને રમતું.
તને વીનવું હું વારંવાર વારંવાર
તારા વચન થી બંધાવું વારંવાર
કાના, તને પહેલો પત્ર મોકલ્યો
ગોકુળ, ત્યાંથી પલાણ્યાં તમે ઘોડલાં.
આવ્યા .. વૃંદાવન માંહી,
તને વીનવું હું વારંવાર તથા વારંવાર
તારા વચન થી બંધાવું વારંવાર
કાના , તને બીજો કાગળ મોકલ્યો
વૃંદાવન, ત્યાંથી પલાણ્યાં તમે ઘોડલાં
જઈ ચડ્યાં મથુરા માંહી,
તને વીનવું હું વારંવાર વારંવાર
તારા વચન થી બંધાવું વારંવાર
કાના ત્રીજો કાગળ મોકલ્યો
મથુરા , ત્યાંથી પલાણ્યાં તમે ઘોડલાં,
જઈ ચડ્યાં દ્વારકા માંહી.
મારી ચિંતા અપરંપાર...
રાધાજી રુએ આંસુ ની ધાર..
તને વીનવું હું વારંવાર વારંવાર.
તારા વચન થી બંધાવું વારંવાર...

મીના માંગરોલીયા મીનુ.અમદાવાદ

---

NOG SS NO- 0091

વિષયઃ વટ, વચન, વેર

પ્રકારઃ પદ્ય

શીર્ષકઃ બિચારો પુરુષ

પુરુષ બિચારો બેઠો, લમણે હાથ દઈને.
કોને કહું વ્યથા મારી, પાસે બેસી જઈને.
બહાર ક્યાંય જવાતું નથી ને ઘરમાં હવે ફાવતું નથી.
મનથી તો સહેવાતું નથી ને કોઈને હવે કહેવાતું નથી.
હું બિચારો મનમાં મનમાં બેસુ દુઃખી થઈને... પુરુષ વિચારો...
રૂબરૂ તો મળાતું નથી ને ઓફિસ પણ ભૂલાતી નથી.
ધંધો કાંઈ થતો નથી ને આવક ક્યાંયથી આવતી નથી.
ખોટો વટ કરીને બેઠો ખોટું ખોટું હસીને.. પુરુષ બિચારો...
આ બધું તો સહન કરું પણ, ઘરમાં છે મોટું જોખમ.
સવાર પડે ત્યાં કચરા પોતું, સાથે ઝાપટ ને ઝુપટ.
ઊંચેથી બોલાય નહીં ને રહેવાનું ડરી ડરીને.. પુરુષ બિચારો...
હોટલમાં જવાય નહીં ને ઘરનું મોંઢામાં જાય નહીં.
ખોટાં વખાણ કરવાં પડે વેર તો બંધાય નહીં.
એકલો એકલો બગડી લઉં વાત મનમાં કરીને.. પુરુષ બિચારો..
કપડાં સૂકવો ઈસ્ત્રી ફેરવો, શાકભાજી સુધારો.
આટ આટલું કરતાંય કહેવાવ હું તો નવરો.
દુઃખના ડુંગરો ઉપાડ્યા છે મેં તો દુઃખી થઈને.. પુરુષ બિચારો..
સાહેબ થઈને ફરતો, આજે નોકર હું તો બન્યો.
બાળકો સંભાળો ઘર સંભાળો, સંભાળો ઘરનો મોભો.
લાલ મોઢું રાખવાનું,ગાલે ધોલ મારીને.. પુરુષ બિચારો..

જિજ્ઞાસા યુ જોષી "શુક"



## આસ ખૂટે છે?

### અગન રાજ્યગુરુ

ખૂટે છે ઝંખના ક્યારે? કદી ક્યાં આસ ખૂટે છે?
ખૂટે તો રોજ કેવળ જિંદગીના શ્વાસ ખૂટે છે
ભલા એ કોણ જાણે કે સમય કાલે હશે કેવો?
કદી કુદરત કરે એવું કે સઘળાં ક્યાસ ખૂટે છે
સંબંધો આપણી વચ્ચે ગઝલના મિસરા જેવાં;
અવિચળ શબ્દ છે એમાં પરંતુ પ્રાસ ખૂટે છે
કદર એવાંજ ફૂલોની ખરેખર થાય છે મિત્રો;
ન જેનો રંગ ઉડે કે ન તો સુવાસ ખૂટે છે
ગમે તેવી હશે પણ લાગણીની એ હકીકત છે
કશું બચતું નથી એકવાર જો વિશ્વાસ ખૂટે છે
અમસ્તા ચીજ સૌ એની જગાએ ઠીક છે કિન્તુ;
તમારી હાજરી ન્હોતી મને જે ખાસ ખૂટે છે
'અગન' એવોજ સુરજ રોજ મારા ભાગ્યમાં ઉગ્યો;
મને ના ખુદ સમજાતું કે ક્યાં અજવાસ ખૂટે છે

## ૩ મે, વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ અભિવ્યક્તિની સ્વતંત્રતાનો માનવનો મૂળભૂત અધિકાર




વિશ્વભરમાં ૩ મેના રોજ વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ મનાવવામાં આવે છે. આ દિવસ ઉજવવાનો હેતુ પ્રેસની સ્વતંત્રતા વિષે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો છે. આ સાથે જ આ દિવસ વિશ્વભરની સરકારને ૧૯૪૮ના માનવ અધિકારોના સાર્વભૌમત્વ અનુચ્છેદ ૧૯ હેઠળ અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારનું સન્માન કરવા અને તેને જાળવી રાખવા માટે પોતાના કર્તવ્યની યાદ અપાવે છે. યૂનેસ્કોની જનરલ એસેમ્બલીની ભલામણ બાદ ડિસેમ્બર ૧૯૯૩માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ૩જી મેના રોજ પ્રેસ સ્વતંત્રતા દિવસ મનાવવાનું જાહેર કર્યુ હતુ ત્યારથી દર વર્ષે ૧ મે ના રોજ પ્રેસ સ્વતંત્રતા દિવસ મનાવવામાં આવે છે. આ દિવસ અભિવ્યક્તિની સ્વતંત્રતા જાળવી રાખવા અને તેના સન્માન કરવાની પ્રતિબદ્ધતાની વાત કરે છે. પ્રેસની આઝાદીનું મહત્વ ધરાવતો આ દિવસ જણાવે છે કે લોકશાહીના મૂલ્યોની સુરક્ષા અને તેને પુનર્સ્થાપિત કરવામાં મીડિયા મહત્વની ભૂમિકા નિભાવે છે. તેથી સરકારએ પણ પત્રકારોની સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ. પ્રેસ દિવસ ઉજવવાનો પાછળનો ઈતિહાસ એવો છે કે ઈ.સ ૧૯૯૧માં આફ્રીકાના પત્રકારોએ પ્રેસની આઝાદી માટે પહેલ કરી હતી ત્યારે તે પત્રકારોએ ૩ મેના રોજ પ્રેસની આઝાદીના સિદ્ધાંતોને સંબંધિત એક નિવેદન જાહેર કર્યુ હતુ, જેને " ડિક્લેરેશન ઑફ વિન્ડોક " ના નામથી ઓળખવામાં આવે છે. એ વખતે પહેલીવાર ૧૯૯૩માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આ દિવસ ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી. દુનિયામાં નિડર પત્રકારો કેટલીય પરેશાનીમાંથી પસાર થતા હોય છે. સાઉદી પત્રકાર જમાલ ખશોગી, ભારતીય પત્રકારો ગૌરી લંકેશ, નવીન નિશ્ચલ, સુજ્જ્ત બુખારી, ચંદન તિવારી,રાકેશ સિંહ અને ઉત્તર આર્યલેન્ડના પત્રકાર લાયરા મક્કીની હત્યાએ પ્રેસની સુરક્ષા પર સવાલ ઉભા કરી દીધા છે. વિશ્વભરમાં પત્રકારો અને પ્રેસને કેટલાય પ્રકારની પરેશાનીઓનો સામનો કરવો પડે છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને વિશ્વભરમાં પ્રેસ ફ્રીડમ ડે મનાવવામાં આવે છે.

- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

### કોરોના મહામારીમાં સેવાની વધુ એક સરવાણી શરૂ કરતા પ્રવિણભાઈ કોટક

# જે.પી. ઈસકોન ગ્રુપ અને શ્રી રામ જલારામ સદાવ્રત દ્વારા ધનવંતરી કોવિડ હોસ્પિટલમાં 'રામથાળ'ની ઐતિહાસિક નવી શરૂઆત

ગુજરાત રાજયના અગ્રણી અને પ્રતિષ્ઠિત બિલ્ડર લોહાણા મહાપરિષદના પૂર્વ પ્રમુખ શ્રી પ્રવિણ કોટક અને તેમના લઘુબંધ જયેશભાઈ કોટકની કંપની જે.પી. ઈસકોન ગ્રુપ અને તેમના સાથી મિત્રો દ્વારા ચાલતા શ્રી રામ જલારામ સદાવ્રત કે જેના પાયાના દાતા શ્રી કંદભાઈ હરીભાઈ ઠકકર (દુબઈ), શ્રી વિપુલભાઈ કાન્તીભાઈ ઠકકર (કુવાડાવાળા), શ્રી વિપુલભાઈ વલ્લભભાઈ ઠકકર તથા શ્રી સુભાષભાઈ બી. ઠકકર, યોગેશભાઈ કનુભાઈ પુજારા (હારીજ)વાળા છે. કેન્દ્ર સરકારના ડી.આર.ડી. વિભાગ અને ગુજરાત સરકારના સાનિધ્યમાં નવનિર્મિત ૯૦૦ બેડની ધન્વન્તરી કોવિડ હોસ્પિટલ જી.એમ.ડી.સી. ખાતે તમામ દર્દીઓને, મેડીકલ પેરામેડીકલ સ્ટાફને, ઉપસ્થિત સિકયુરીટીના તમામ જવાનોને તેમજ દર્દીના સગાઓ માટે નિઃશુલ્ક ભોજન વ્યવસ્થા કરશે. વાત સમાજની હોય કે રાષ્ટ્રની હોય દાન અને સખાવતની વાત આવે ત્યાં સ્વ. શેઠ શ્રી તલકશીભાઈ દલછારામ કોટકનો પરીવાર સદા અગ્રેસર રહયો છે. કોરોના મહામારીના શરૂઆતના તબકકા દરમ્યાન ગત વર્ષે અમદાવાદ મ્યુ. કોર્પોરેશનની વિનંતીએ માન આપી જે.પી. ઈસ્કોન પરીવાર દ્વારા અમદાવાદ રામદેવનગર વિસ્તારમાં અનેક લોકોને દવા અન ભોજન નિઃશુલ્ક પુરા પાડયા હતા. તે જ અરસામાં અનેક શ્રમજીવી પરીવારોને ઈસ્કોન મેગા મોલમાં આશરો આપી તેમની તમામ વ્યવસ્થા અનેક દિવસો સુધી જે.પી. ઈસ્કોન પરીવાર દ્વારા કરવામાં આવી હતી. લોહાણા મહાપરીષદના પ્રમુખ તરીકે પણ શ્રી પ્રવિણ કોટક દ્વારા કોરોના મહામારીમાં વ્યકિતગત મદદ કરી માનવતાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડયું હતું.

જે.પી. ઈસ્કોન ગ્રુપ અને શ્રી રામ જલારામ સદાવ્રત દ્વારા ૯૦૦ બેડની નવી તૈયાર કરવામાં આવેલી ધન્વન્તરી કોવિડ હોસ્પીટલમાં તમામ દર્દીઓ, ડોકટર્સ, પેરામેડીકલ સ્ટાફ, ૧૦૮ ના ડ્રાઈવર્સ, દર્દીઓના સ્વજનો, પોલીસ કર્મીઓ તેમજ સિકયુરીટી સ્ટાફને ઉતમ અને ઉચ્ચ કવોલીટીનું ભોજન આપવામાં આવશે. અંદાજે આ કાર્ય પાછળ રોજના સાડા ત્રણથી ચાર લાખ રૂપીયા જેટલાનો ખર્ચ થશે જેનો માસિક ખર્ચ અંદાજે એક કરોડ જેટલો ખર્ચ થશે તેવો અંદાજ છે. આ અંગે જે.પી. ઈસ્કોન ગ્રુપના ચેરમેન શ્રી પ્રવિણ કોટકને પૂછતાં તેમણે મકકમતાથી જણાવ્યું હતું કે મારા ગુજરાતી ભાઈઓને મદદ કરવા માટે ગમે તેટલો ખર્ચ થાય અમે અહીં આવેલા તમામને શુધ્ધ, સ્વાદિષ્ટ, પૌષ્ટિક અને ઉતમ ભોજન જમાડીશું. શ્રી પ્રવિણ કોટક તથા જયેશભાઈ કોટક પોતાનું એક વિશાળ મિત્રમંડળ ધરાવે છે અને આજે તેમના તમામ મિત્રો તેમના આ ભગીરથ કાર્યમાં સહભાગી થવા આજથી જ કામે લાગી ગયા છે. સમગ્ર વિશ્વનો લોહાણા સમાજ આજે પ્રવિણ કોટક, જયેશ કોટક અને તેમના પરીવાર પર ગર્વ લઈ રહયો છે. અમદાવાદના ઈતિહાસમાં પણ પ્રવિણ કોટક અને તેમની ટીમની દાતારી આગામી વર્ષો સુધી યાદ કરવામાં આવશે. વૈશ્વિક મહામારી કોરોનામાં સરકારશ્રીને મદદરૂપ થવાના ભાગરૂપે જે.પી.ઈસ્કોન ગ્રુપ અને શ્રી રામ જલારામ સદાવ્રત દ્વારા ધન્વન્તરી કોવિડ હોસ્પિટલમાં (૨) શબવાહીની વિનામૂલ્યે માત્ર ૨૪ કલાકમાં રાષ્ટ્રની સેવામાં અર્પણ કરવામાં આવી.



ગુજરાત રાજયના અગ્રણી અને પ્રતિષ્ઠિત બિલ્ડર શ્રી પ્રવિણ કોટક અને તેમના લઘુબંધ જયેશભાઈ કોટકની કંપની જે.પી. ઈસ્કોન ? અને તેમના સાથી મિત્રો દ્વારા ચાલતા શ્રી રામ જલારામ સદાવ્રતમાં ભોજનની સાથે સાથે આ એમ્બ્યુલન્સ/શબવાહીની સરકારશ્રીને અર્પણ કરવાની સેવામાં પણ દાતાશ્રી મુકુંદભાઈ હરિભાઈ ઠક્કર (દુબઇ), શ્રી વિપુલભાઈ કાન્તીભાઈ ઠકકર (વાડાવાળા), શ્રી વિપુલભાઈ વલ્લભભાઈ ઠકકર તથા શ્રી સુભાષભાઈ બી. ઠકકર, યોગેશભાઈ કનુભાઈ પુજારા (હારીજ)વાળાએ આર્થિક સહયોગની સવાસનું યોગદાન આપેલ છે. આ સદકાર્યમાં સેવાના ભેખધારીઓને કોટી કોટી વંદન કોરોના મહામારીના સંકટની વેળાએ જી.એમ.ડી.સી. હોસ્પિટલ ખાતે આ ભગીરથ કાર્યમાં સતત હાજર રહીને સંકલન અને મેનેજમેન્ટ કરનાર અજયભાઈ (લાલાભાઈ) ઠકઠર, હર્ષદરાય ઠકકર (મંત્રી), જીતુભાઈ ઠકકર (જે.ડી.), ધર્મેશ ઠકકર (લાલો બજાજ) તથા નિગમ પટેલછ નિઃસ્વાર્થપણે આ સેવાની સરવાણીમાં અવિતપણે કાર્યરત છે.

## સત્ય કડવું લાગશે એ પણ એટલું જ સત્ય છે ... કલ્પના જોશી

કચ્છ ના ચુટાયેલ પ્રતિનીધીઓ ને જણાવવાનું કે અધિકારી ઓ અને પ્રજા નું વિચારી ને નિવેદન આપશો તો સારું રહેશે કેમકે હાલ સમગ્ર કચ્છ માં કોરોના ની મહામારી ને કારણે ઓકસિજન અને રેમડેસીવીર ની અછત છે ત્યારે મિંટીગો કરી ફોટા પડાવતા કચ્છ ના ચુંટાયેલ નેતા ઓ ઓકસિજન કે રેમડેસીવીર ની પુરી ફાલવણી નથી કરાવી શકતા અને તેમના દોષ નો ટોપલો અધિકારી ઓ પર ફેંકી રહયા છે અને વ્યવસ્થા નો અભાવ છે ત્યારે વહીવટી અધિકારીઓ ને કહી રહયા છે અરે શરમ કરો શરમ આ કપરી પરિસ્થીતી માં કામ કરનાર ને બદનામ કરી રહયા છો પહેલા અધિકારી ઓને ઓકસિજન અને ઈજેંકસન ની વ્યવસ્થા તો કરી આપો અધિકારી ઓ ને દોષી ગણાવી તેમની માનસિકતા ન તોડો એ લોકો ને તો પોતાની ફરજ બખુબી અદા કરે છે.હવે કચ્છ ની પ્રજા બધું સમજે છે એટલે પ્રજા ને મુર્ખ બનાવા નુ બંધ કરો.કચ્છ ભાજપ ના કેટલા ચુટાયેલ નેતા ઓ એ ભુજ ની મુખ્ય હોસ્પિટલ ની મુલાકાત લીધી છે?લોકો હવે જાગૃત છે ઉલ્લુ બનાવવાનું બંધ કરો ફોટા સેશન અને સસ્તી પ્રસિધ્ધી માંથી બહાર આવો ..પ્રજા નો મત પુરતો જ ઉપયોગ કરવાનું બંધ કરી ઉપયોગી બનો . પ્રજા આ વિકટ પરિસ્થીતી યાદ રાખશે ...યાદ રાખજો અહીં નું અહીં જ છે...ભારત માતા કી જય

સત્ય કડવું લાગશે એ પણ એટલું જ સત્ય છે ... કલ્પના જોશી ભુજ કચ્છ

# બાયડ માલપુર પૂર્વ ધારાસભ્યશ્રી ધવલસિંહ ઝાલા દ્વારા માલપુર ખાતે ઓક્સિજન બોટલની વ્યવસ્થા કરવા માં આવી

બાયડ માલપુર ના પૂર્વ ધારાસભ્યશ્રી ધવલસિંહ ઝાલા દ્વારા માલપુર સરકારી આરોગ્ય હોસ્પિટલ ખાતે ભારતીય જનતા પાર્ટી ના કાર્યકરો દ્વારા કરવા માં આવેલી કેં માલપુર માં એક પણ હોસ્પિટલ પ્રાઈવેટ કે સરકારી ઑક્સિજન સાથે ની નથી અને વસ્તી ના આધારે ગણા દર્દીઓ



ને તકલીફ પડે છે તે રજુઆત ને ધ્યાન માં રાખી ને તાત્કાલિક ધોરણે રૂપિયા ૧,૫૦,૦૦૦ ની મદદ કરી માલપુર તાલુકા ની પ્રજા ના હિત માટે ઓક્સિજન બોટલ ની વ્યવસ્થા માલપુર કોવિડ સેન્ટર માં કરવા માં આવી હતી..અને પૂર્વ ધારાસભ્યશ્રી ધવલસિંહ દ્વારા જરૂર પડયે માલપુર તાલુકા ની પ્રજા માટે વધુ ઓક્સિજન બોટલ ની વ્યવસ્થા કરવાની પણ ખાતરી આપવા માં આવી હતી..

### રાજપીપળા ટાઉનના રંગ અવધૂત મંદિર પાસે

# વાહનમાં સાત થી વધારે માણસો બેસાડી જાહેરનામાનો ભંગ કરતા ફરિયાદ

રાજપીપળા,તા.૩

રાજપીપળા ટાઉનના રંગ અવધૂત મંદિર પાસે પોતાના વાહનમાં સાત થી વધારે માણસો બેસાડી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરતાં તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તેમાં ફરિયાદી આઈ. આર. દેસાઈ રાજપીપળા એ આરોપી મનહરભાઈ દલસુખભાઈ વસાવા (રહે, બ્રાહ્મણ ફળિયું, પ્રતાપનગર )સામે ફરિયાદ કરી છે. ફરિયાદની વિગત મુજબ આરોપી મનહરભાઈ દલસુખભાઈ વસાવા એ પોતાના વાહનમાં ગેરકાયદેસર રીતે સાતથી વધારે પેસેન્જર બેસાડી જાહેરમાં નીકળવા સમગ્ર નર્મદા જિલ્લામાં જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ :જયોતિ જગતાપ,રાજપીપળા



**રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રેરિત શ્રી ગુરુજી મનુસ્મૃતિ ટ્રસ્ટ સંચાલિત માધવ કોવીડ કેર સેન્ટરની આજે ભારતીય જનતા પાર્ટી પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટીલ જી એ મુલાકાત લીધી હતી ... સૌરાષ્ટ્ર લેઉવા પટેલ વાડી વાપી વલસાડ ખાતે શરૂ થયેલી આ આ સેન્ટરની સેવા સૌરાષ્ટ્ર લેવા પટેલ સમાજ જૈન સોશિયલ ગ્રુપ તથા જૈન ઈન્ટરનેશનલ એસોસીએશન દ્વારા સેવા આપવામાં આવી રહી છે. આ સમયે સેવાભાવી સંસ્થાના શ્રેષ્ઠીઓ તેમજ આરએસએસના કાર્યકરો પણ જોડાયા હતા.**

# રાજપીપલામાં આયુર્વેદિક કોલેજમાં કાર્યરત કોવિડ-૧૯ હોસ્પિટલ ખાતે ૨૦૦ બેડની સુવિધા ઉપલબ્ધ



રાજપીપલાતા ૩

નર્મદા જિલ્લા ખાતે રાજપીપલા સરકારી આયુર્વેદિક કોલેજમાં ૧૦૦ બેડની હોવિડ હોસ્પિટલ કાર્યરત છે. હાલમાં ૧૦૦ બેડની હોસ્પિટલમાં કુલ-૮૦ બેડ ઓક્સિજન સપ્લાય સાથેના છે. ૮૦ માંથી ૮ બેડૈંઝે વેન્ટીલેટર સાથેના છે. નર્મદા જિલ્લામાં આ સિવાય બીજા ૪ ખાનગી હોસ્પિટલ કોવિડ-૧૯ તરીકે ડેઝીગ્નેટ થયેલ છે. વેન્ટીલેટરની સુવિધા રાજપીપલા સરકારી આયુર્વેદિક હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ છે.

વધુમાં બીજા ૮૦ બેડ ઓક્સિજન સપ્લાયની સવલત માટેની વ્યવસ્થા કરવા આયોજન થઇ ગયેલ છે અને ઓર્ડર અપાઇ ગયેલ છે. જ્યાં સુધી ઓક્સિજન ૮૦ બેડ વધારવાની વ્યવસ્થા ન થાય ત્યાં સુધી મેન્યુઅલી ૧૫ દરદીઓને ઓક્સિજન સગવડતા પ્રાપ્ત થાય તેવી સુવિધા રેગ્યુલેટર દ્વારા કરવામાં આવેલ છે. ૧૫ રેગ્યુલેટર જિલ્લાની અન્ય સી.એચ.સી. માંથી મેળવી વ્યવસ્થા કરેલ છે. એટલે ૮૦ સેન્ટ્રલ સપ્લાય તથા ૧૫ રેગ્યુલેટર મારફત એમ કરી કુલ-૯૫ ઓક્સિજન બેડની વ્યવસ્થા કરેલ છે.

હાલ કોવિડ-૧૯ ખાતે કુલ-૯૦ દરદી દાખલ થયેલ છે. તેમાં આઇ.સી.યુ. માં-૦૮ તથા-૬૭ ઓક્સિજન બેડ પર છે. કુલ-૭૫ દરદી ઓક્સિજન સપ્લાય પર અને જનરલ બેડ પર-૧૫ મળી કુલ-૯૦ દરદી દાખલ છે. હાલમાં ઓક્સિજનવાળા કુલ-૦૫ અને જનરલ-૦૫ મળી કુલ-૧૦ બેડ ખાલી છે.

હાલમાં કુલ-૨૦૦ બેડ ઉપલબ્ધ છે તે પૈકી નીચે મુજબ બેડની હાલની સ્થિતિ છે.

ઓક્સિજન વાળા બેડ-૭૨,ભરેલા-૬૭ અને ખાલી ૫ છે. જયારે ઓક્સિજનવગરનાં બેડ-૧૨૦,ભરેલા ૧૫- અને ખાલી ૧૦૫ છે.અને આઇ.સી.યુ-૦૮અને ભરેલા ૦૮- છે.

અત્યારે ૨૧ દરદી સુરત, તાપી, છોટાઉદેપુર અને ભરૂચ જિલ્લાના દરદીઓ સારવાર હેઠળ છે. તસવીર :જયોતિ જગતાપ, રાજપીપલા

**ટુંક સમયમાં જ રાજપીપલા ખાતે આરટીપીસીઆર લેબની પરિક્ષણની કામગીરી શરૂ કરાશે**

# રાજપીપલા કોવિડ-હોસ્પિટલ ખાતે મંજુર થયેલ ઓક્સિજન પ્લાન્ટ આગામી એક માસની અંદર કાર્યરત થઇ જશે-જિલ્લા પ્રભારી મંત્રી બચુભાઇ ખાબડ

## જિલ્લા પ્રભારી મંત્રી બચુભાઇ ખાબડે નર્મદા જિલ્લામાં કોરોના મહામારીની પ્રવર્તમાન પરિસ્થિતિ સંદર્ભે જિલ્લા પ્રસાશન સાથે યોજેલી સમીક્ષા બેઠક.

રાજપીપલા,તા.૨

ગુજરાતના ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ, પશુપાલન અને પશુ સંવર્ધન વિભાગના રાજયકક્ષાના મંત્રી અને નર્મદા જિલ્લાના પ્રભારી મંત્રી બચુભાઈ ખાબડે આજે નર્મદા જિલ્લામાં રાજપીપલા કલેકટરાલય ખાતે વૈશ્વિક કોરોના મહામારીની જિલ્લાની પ્રવર્તમાન પરિસ્થિતને અનુલક્ષીને જિલ્લા વહિવટીતંત્ર – આરોગ્યતંત્ર સાથે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજીને વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી હતી અને જરૂરી આંકડાકીય વિગતોથી વાકેફ થઇ જિલ્લા પ્રસાશનને તે અંગે ખાબડે ટીમ નર્મદા ને જરૂરી માર્ગદર્શન પુરૂં પાડયું હતું.

જિલ્લા પ્રભારી મંત્રી બચુભાઇ ખાબડે વધુમાં જણાવ્યું હતું કે,આ કામગીરી માટે જિલ્લાની ૬૮૭ જેટલી ટીમોનું આયોજન કર્યુ છે. તેમની સાથે અમારા સંગઠનના લોકો, ચૂંટાયેલા લોકો બધા સાથે મળીને એક એક ઘર સુધી પાંચેય તાલુકાઓમાં અને શહેરની અંદર પ્રવાસ કરીને તા. ૧ લી મે થી લઇને તા.૧૫ મી મે સુધી આ અભિયાનને પાર પાડવા માટે મુખ્યમંત્રીના દિશાનિર્દેશ અનુસાર વહીવટીતંત્રના અધિકારીઓ એ પણ તેના માટે ખૂબ પહેલ કરી છે. અને તેના માટે આ જિલ્લાના અધિકારીઓને પણ અભિનંદન પાઠવું છે કે આ જિલ્લાની અંદર ઓકસિજનની પૂરતી વ્યવસ્થા છે.તેના માટે પ્રભારી સચિવએ પણ તેની ચિંતા કરી છે. જે એક હજાર ગેસના બોટલ માંગ્યા હતા તે પૈકીના આજે ૩૦૦ આવી ગયા છે. રેમડેસિવર ઈન્જેકશનો, દવાઓ, બેડની પણ પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. તેની સાથોસાથ આ જિલ્લામાં આરટીપીસીઆર ટેસ્ટ માટે લેબની પણ વ્યવસ્થા કરવામાં આવશે.ઓકસીજન માટેનું પણ સેન્ટર એકાદ મહિનાની અંદર એચપીસીએલ કંપની શરૂ કરી રહી છે. નાના-મોટા લાઇટના પ્રશ્નો હતા તેને પણ અંડરગ્રાઉન્ડ લાઇન કરી રહયાં છે અને તેના માટે રાજય સરકારે ૯૬ લાખ રૂપિયા મંજૂર કર્યા છે.



જિલ્લા પ્રભારી સચિવ એસ.જે.હૈદરે જિલ્લામાં પ્રારંભિક કાળમાં જિલ્લાની રાજપીપલા ખાતેની કોવીડ હોસ્પિટલ, ઓકસિજન સિલીન્ડર, કોવિડ કેર સેન્ટરની બેડ સુવિધાની ઉપલબ્ધિ અને ત્યારબાદ જરૂરીયાત મુજબ તેની ક્ષમતામાં વધારો કરવા આરટીપીસીઆર લેબની સ્થાપના તેમજ રાજપીપલાની કોવીડ હોસ્પિટલ ખાતે ઓકસિજન પ્લાન્ટ કાર્યરત કરવાની મંજુરી વગેરે માટે હાથ ધરાયેલી કાર્યયોજના અને તેના અમલીકરણ થકી હાલમાં ઉપલબ્ધ સુવિધાઓ અંગે પણ મંત્રી સાથેની પરામર્શમાં જાણકારી આપી હતી.

રિપોર્ટ :જયોતિ જગતાપ, રાજપીપળા

# ખેડૂતોને પાક ધિરાણ ભરવાની મુદ્દત રાષ્ટ્રિય બેંકોમાં પણ વધારવા કોંગ્રેસની માંગ

## કોરોના મહામારીનાં કપરાં કાળમાં ૩૦ જુનના બદલે ૩૦ ડિસેમ્બર સુધી ધિરાણ ભરવાની મુદ્દત વધારી આપવી જોઈએ : ડો. હિમાંશુ પટેલ

ગુજરાત રાજયમાં કોરોના કહેરના કારણે ભારે કફોડી હાલતમાં મુકાયેલા ખેડૂતોને કોઈ વ્યાજ કે રકમમાં માફી અથવા રાહત આપવાની નથી. ત્યારે પાક ધિરાણ લોન ભરપાઈ કરવાની મુદ્દત ૩૦ જુનના બદલે આગામી ૩૦ ડિસેમ્બર સુધી વધારી આપવાનું જણાવતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં મહામંત્રી ડૉ. હિમાંશુ પટલે માત્ર કો-ઓપરેટીવ બેંકોના બદલે તમામ રાષ્ટ્રીય બેંકોમાં પણ ખેડૂતોને આ લાભ આપવા રાજય સરકાર પાસે માંગણી કરી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી અને ખેડૂતપુત્ર ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, રાજય સરકારે ખેડૂતોની માંગ સ્વીકારતાં ખેડૂતો હવે જૂન સુધી ધિરાણ ભરી શકશે. ત્યારે રાજય સરકારે માત્ર



કો ઓપરેટીવ બેંકોમાં જ ખેડૂતોને આ પાક ધિરાણ લોન ભરવાની મુદ્દત વધારી આપી છે. પરંતુ જે ખેડૂતોએ રાષ્ટ્રીય બેંકોમાંથી પાક ધિરાણ લીધું છે. તેમને કોરોના કાળની મહા આર્થિક તંગીમાં કોઈ જ લાભ થાય તેમ નથી. આથી કેન્દ્રમાં પણ ભાજપ સરકાર જ હોવાથી રાજય સરકાર દ્વારા માત્ર કો-ઓપરેટીવ બેંકોના બદલે તમામ રાષ્ટ્રીય બેંકોમાં પણ ખેડૂતોને આ લાભ આપવાની તાત્કાલિક જાહેરાત કરવી જોઈએ.

ડૉ. હિમાંશુ પટેલે વધુમાં જણાવ્યું છે કે, કોરોના સંક્રમણ ખૂબ વધી જતાં તમામ માર્કેટિંગ યાર્ડ બંધ હોવાથી ખેડૂતો પોતાનો માલ વેચી શક્યા નથી એટલે પાક ધિરાણ ભરી શકાય એમ નહોતું.

આ ઉપરાંત રવી પાકનું પણ યોગ્ય વાવેતર કરી શકાયું નહી હોવાથી ખાતર સહિતનાં ભાવવધારાનાં કારણે આવકની સામે ખર્ચ અનેકગણું વધી ગયું છે. જેનો ઉકેલ એક - બે મહિનામાં આવે તેમ નહીં હોવાથી પાક ધિરાણ ભરવાની મુદ્દત તમામ બેંકોમાં આગામી ૩૦ ડિસેમ્બર સુધી કરવી જોઈએ. આ બાબતે સંવેદનશીલ રહી ખેડૂતોની માંગ સંતોષી ખેડૂતોને રાહત અને ન્યાય આપવા ડૉ. હિમાંશુ પટેલે રાજય સરકાર પાસે માંગણી કરી છે.

# કોરોનાની મહામારી વચ્ચે VSSM સંસ્થા દ્વારા ૨૦ નિરાધાર માવતરોને મે-માસની રાશનકીટ નુ વિતરણ કરાયુ



હાલ સમગ્ર વિશ્વમાં અને ભારતમાં કોરોનાની મહામારી ચાલી રહી છે ત્યારે બગસરા અને સાપર ગામમા રહેતા દેવીપુજક, સરાણીયા, મુસ્લીમ સમુદાયના અશકત, વૃદ્ધ અને નિરાધાર કે જે કામ કરી શકે તેમ નથી આવા વૃદ્ધ પરિવારોની અન્ન સલામતી જળવાઈ રહે અને બે ટાઈમનું ભોજન મળી રહે તેવા હેતુથી માવજત કાર્યક્રમ અંતર્ગત ૨૦ માવતરોને એક માસ ચાલે તેટલા કરીયાણાની મે-૨૦૨૧ મહિનાની કરિયાણાની કીટનું વિતરણ સંસ્થા ના સ્થાપક મિતલબેન પટેલ ના માર્ગદર્શન હેઠળ વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થાના અમરેલી જીલ્લાના સંયોજક રમેશભાઈ મકવાણા દ્વારા કરવામા આવ્યુ હતુ. આ કામમાં સતિષભાઈ પણ મદદરૂપ થયા હતા. દર મહિને આવા વૃદ્ધ, નિરાધાર માવતરોને ને રાશનકીટ આપવામા આવે છે.

# રાજપીપળા ટાઉન વિસ્તારના ટેકરા જુગારની રેડ, રૂ.૭૮૧૨૦/- સાથે પાંચ જુગારીઓ ઝડપાયા

રાજપીપળા,તા. ૩

રાજપીપળા ટાઉન મા કોરોના કાળમા ભેગા થઈ કોરોના સંક્રમણ વધારે તે રીતે ટેકરા ફળિયા માં જુગાર રમતા પોલીસે રેડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.જેમાં રોકડ રકમ તથા મુદામાલ કી. રૂ.૭૮૧૨૦/- સાથે પાંચ જુગારીઓ ને એલસીબી નર્મદા પોલીસે ઝડપી પડ્યા છે.

જેમાં એ.એમ.પટેલ પોલીસ ઈન્સ્પેક્ટર એલસીબીના સુપરવિઝન હેઠળ જિલ્લામાં રોહિત જુગારની ગેરકાયદેસર બદી નાબૂદ કરવા વોચ તેમજ બાતમી મેળવવાની સૂચના અનુસંધાને અહેકો કિરણભાઈ રતિલાલ, રાકેશભાઈ કેદારનાથને સંયુક્ત બાતમી મળે રાજપીપળા ટાઉન વિસ્તારના ટેકરા ફળિયા વિસ્તારમાં પાણીની ટાંકી પાસે કેટલાક ઈસમો જુગાર ના પત્તા પાનાનો હારજીતનો જુગાર રમી રહેલ છે તેથી બાતમીવાળી જગ્યા ઉપર એલસીબી સ્ટાફના પોલીસ માણસો સાથે જુગાર અંગે ની રેડ કરતાં પાંચ ઈસમો નામે અંકિતભાઈ ભરતભાઈ વસાવા, રોનકભાઈ મહેન્દ્રભાઈ વસાવા, ઉમંગભાઈ નગીનભાઈ વસાવા, પંકજભાઈ પ્રવીણભાઈ વસાવા, કમલેશભાઈ ભરતભાઈ વસાવા તમામ (રહે, ટેકરા ફળિયા,રાજપીપળા) ઝડપી પાડેલ. અને પકડાયેલ આરોપીઓ પાસેથી જુગારના સાહિત્ય તથા દાવ પરના તથા અંગજડતી ના રોજ મળી રોકડા રૂ. ૧૨૬૨૦ /- મોબાઈલ નંગ.૪ કિં. રૂ. ૧૦૫૦૦/- તથા મોટર સાયકલ કિ. રૂ. ૫૫૦૦૦/- મળી કુલ કિં.રૂ. ૭૮૧૨૦/- ના મુદ્દામાલ સાથે પકડાઈ ગયા હતા. તેમના વિરુદ્ધ રાજપીપળા પોલીસ સ્ટેશનમાં જુગારધારા હેઠળ ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ : જયોતિ જગતાપ, રાજપીપળા

**નર્મદામાં લગ્ન પ્રસંગના ગાઈડ લાઈનની ઐસી કી તૈસી.**

# સાગબારા તાલુકાના કનખાડી ગામે લગ્ન પ્રસંગમાં ૫૦ થી વધુ માણસો ભેગા થતા જાહેરનામા ભંગની ત્રણ ફરિયાદ

રાજપીપળા, તા.૩

નર્મદા જિલ્લામાં હાલ લગ્નની મોસમ પૂરબહારમાં ખીલી ઉઠી છે.હાલ કોરોનામા સરકાર ની ગાઈડ લાઈન પ્રમાણે લગ્ન પ્રસંગમાં ૫૦ થી વધુ લોકો ભેગા થવા પર પ્રતિબંધ હોવા છતાં લગ્ન માં ૫૦ થી વધુ લોકોને ભેગા કરી કોરોના સંક્રમણ કરનારા બેદરકાર આયોજકો સામે નર્મદા પોલીસે જાહેરનામા ભંગની ફરિયાદ નોંધી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં દેડીયાપાડા તાલુકાના પાંચઉંમર ગામે લગ્ન પ્રસંગમાં ૧૦૦ થી વધુ માણસો તથા નાંદોદ તાલુકાના રૂંઢ ગામે ૭૫ થી ૮૦ માણસો તેમજ સાગબારા તાલુકાના કનખાડી ગામે લગ્ન પ્રસંગમાં ૫૦ થી વધુ માણસો ભેગા થતા જાહેરનામા ભંગની ત્રણ ફરિયાદ કરી છે . જેમાં પ્રથમ ફરિયાદમાં દેડિયાપાડા પોલીસ મથકે ફરિયાદી એમ.આઈ.શેખ દેડીયાપાડા એ આરોપી મૂળજીભાઈ બીજીયાભાઈ વસાવા, ફતેસિંગભાઈ બીજીયાભાઈ વસાવા બંને (રહે,પાચઉંમર) તથા રોયલ સ્ટાર બેન્ડના માલિક /સંચાલક સામે ફરિયાદ કરી છે.



ફરિયાદની વિગત મુજબ આરોપી મૂળજીભાઈ નાસી જનાર તથા ફતેસિંગભાઈ બીજીયાભાઈ ના ઓએ પોતાના પુત્ર/ ભત્રીજા ના લગ્નમાં ૧૦૦ થી વધુ માણસો ભેગા કરી તથા રોયલ સ્ટાર બેન્ડના માલિક /સંચાલક લગ્નમાં બેન્ડ વગાડી ટોળું ભેગું કરવામાં આયોજકોને મદદ કરી સોસીયલ ડિસ્ટન્સ નો ભંગ કરી જાહેરનામાનો ભંગ કરી ઈપીકો કલમ ૧૮૮, ૨૬૯,૨૭૦ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ની કલમ ૫૧(બી)મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બીજી ફરિયાદ ફરિયાદી કે.એલ ગળચર પોસઇ સાગબારા એ આરોપી શંભુદાસ બંસીભાઈ તડવી, મહેન્દ્રભાઈ વેચતાભાઈ તડવી બંને (રહે,કનખાડી) સામે ફરિયાદ કરી છે. ફરિયાદની વિગત મુજબ આરોપી શંભુદાસભાઈનાઓએ પોતાના છોકરાના લગ્ન તથા મહેન્દ્રભાઈ વેચતાભાઈ તડવી (રહે, કનખાડી)ના માસ્ક વગર તથા સામાજિક અંતર નહીં જાળવી તથા ૫૦ થી વધુ માણસો ભેગા કરી કોરોના વાયરસ ફેલાય તેવું તથા લગ્ન મંજૂરી વગર લગ્નમંડપમાં બે મોટા સ્પીકર એમ્પ્લીફાયર સાથે જોડાણ કરી ગીતો વગાડી નાખ્યો કરી જિલ્લા મેજિસ્ટ્રેટ ના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરતાં કાર્યવાહી હાથ ધરી છે.

બીજી ત્રીજી ફરિયાદ રાજપીપળા પોલીસ મથકમાં ફરિયાદ પી.એમ.પરમાર રાજપીપળા એ હર્ષદભાઈ ભગાભાઈ વસાવા (રહે, રૂંઢ ) તથા શ્રી ગણેશ બેન્ડ પાર્ટી નરખડીના માલિક સામે ફરિયાદ કરી છે.ફરિયાદની વિગત મુજબ આરોપી હર્ષદભાઈ ના પોતાના પુત્રના લગ્નમાં પંચોતેર થી એસી જેટલા માણસો ભેગા કરી તથા શ્રી ગણેશ બેન્ડ નરખડીના માલિકે બેન્ડ વગાડી ટોળું ભેગું કરવામાં આયોજકને મદદ કરી સોસીયલ ડિસ્ટન્સનો ભંગ કરી જાહેરનામાનો ભંગ કરી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપળા




**રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ પ્રેરિત હોમ ક્વોરેન્ટાઇન કોરોના ગ્રસ્ત પરિવારો માટે ફ્રી પરમ ટિફીન સહાય સેવા**

**વર્તમાન કોરોના મહામારીની આ સ્થિતિમાં છેલ્લાં કેટલાય મહિનાઓથી રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્ર મુનિ મહારાજ સાહેબ પ્રેરિત અને અર્હમ યુવા સેવા ગ્રુપ સંચાલિત વિવિધ પ્રકલ્પો અને આયોજનો લાખો પરિવારોને શાતા પમાડી રહ્યાં છે.**

**મુંબઇના અનેક ક્ષેત્રોમાં હોમ ક્વોરેન્ટાઇન કોરોના ગ્રસ્ત પરિવારો માટે નિઃશુલ્ક પરમ ટિફીન સહાય સેવાનો પ્રારંભ થયો છે, જેમાં શુદ્ધ, ગરમ, સાત્વિક, જૈન ભોજનની હોમ ડિલીવરી કરવામાં આવે છે મુંબઇની સાથે રાજકોટ, કોલકત્તા, વડોદરા અને ભાવનગરમાં પણ ફ્રી પરમ ટિફીન સહાય સેવા ચાલું છે.**

**દર રોજ ૧૦૦૦ પરમ ટિફિન કોરોના ગ્રસ્ત પરિવારો ને મોકલવામાં આવે છે.જે સેવા અને સહાય કરે છે, તે સુરક્ષિત રહે છે.**

# દેડીયાપાડા તાલુકાના મુલ્કાપાડા ગામે મહિલા પર વીજળી પડતા મહિલાનું મોત.

રાજપીપળા,તા.૩

દેડીયાપાડામાં છેલ્લા બે દિવસથી ભર ઉનાળે કમોસમી વરસાદ પડી રહ્યો છે. જેમાં દેડીયાપાડા તાલુકાના મુલ્કાપાડા ગામે મહિલા પર વીજળી એક મહિલાનું મોત નિપજ્યું છે.ખેતરે સેઢા પર ભેંસો ચરાવતી મહિલા મોતને ભેટી પડી હતી. જયારે દેડીયાપાડા તાલુકાના વેડછા ગામે વીજળી પડતા ઘાસનો માંડવો સળગી ગયાનો બનાવ બન્યો હતો. બનાવની વિગતો મરનાર મોંઘીબેન રાજીયાભાઈ બાબીયાભાઈ વસાવા( ઉ. ૪૫ રહે, મુલ્કાપાડા) નાઓએ તા.૨/૫/ ૨૧ના રોજ પોતાના ખેતરે ઢોર ચરાવવા સારું તેમજ ખેતી કામ કરવા સારું ગયેલા હતા.તે વખતે બપોરે અચાનક વાવાઝોડું તેમજ ગાજવીજ સાથે વરસાદ આવતા મોંઘીબેન પોતાના ખેતરના સેઢા ઉપર આવેલા આંબલીના ઝાડ નીચે ઊભા હતા,તે વખતે એકદમ અકસ્મા રીતે આકાશી વીજળી મોંઘીબેનની નજીકમાં પડતા મોંઘીબેન જમીન ઉપર પડી જતાં તેની ઘટના સ્થળ ઉપર જ મોત નીપજ્યું હતું. રિપોર્ટ : જ્યોતિ જગતાપ રાજપીપળા



**સાબરકાંઠા જિલ્લા ભાજપ અને જિલ્લા પંચાયત ના પૂર્વ પ્રમુખ સૌ કાર્યકર્તાઓ ના આદર્શ એવા શ્રી જયેન્દ્ર સિંહ રાઠોડ હવે આપણી વચ્ચે નથી રહ્યા. પરિવાર ને દુઃખ સહન કરવાની શક્તિ આપે.**



**સેક્ટર ૨સ્વામિનારાયણ મંદિરે ૫૦બેડ ની કોવીડ હોસ્પિટલ શરુ તા,૪/૫/૨૧સોમવારે શરુ થઇ રહી છે જરૂરિયાત વાળા ભાઈ બહેનો લાભ લેવા નું જણાવવા માં આવે છે સે.૨ સ્વામીનારાયણ મંદિર ખાતે કોવિડ આઈસોલેશન સેન્ટર શરુ થઇ ગયેલ છે સર્વે મિત્રો, સગાવહાલા એ લાભ લેવા વિનંતિ .........આજથી કોવિડ કેર સેન્ટર શરુ કરી રહ્યા છીએ મિત્રો, સગાવહાલા ને જરુરીયાત હોય તો સંપર્ક કરવા વિનંતિ.ઉપરોક્ત કોવિડ સેન્ટર સે-૨ સ્વામીનારાયણ મંદિર તથા વોર્ડ નંબર ૯ ના ઉમેદવાર શ્રી શૈલાબેન સુનીલ ભાઈ ત્રિવેદી,રાજુ ભાઈ પટેલ, અલ્પા બેન કૌશિક ભાઈ પટેલ તથા ડો.સંકેત ભાઈ પંચાસરા ( MD ) કોવિડ દેદી ને મદદ સેવા આપશે.**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.